
# અધ્યાત્મ




વર્ષ : ૨૩    સપ્ટેમ્બર : ૨૦૦૨    અંક : ૧૨

## * મરણ સર્વવ્યાપક છે. *

મરણનો પ્રભાવ કેટલો મહાન છે! ઈશ્વરની જેમ તે પણ સર્વવ્યાપક છે. એ મહાન સત્યને જ્ઞાનીઓએ 'નામ તેનો નાશ' એ શબ્દોમાં સાકાર કર્યું છે. જગતની પ્રત્યેક વસ્તુ–ચાહે મોટી કે નાની, વૈભવી કે દરિદ્ર, ગમે તેવી હોય, પણ છેવટે મૃત્યુને વશ છે. આટલી સમજ દિલમાં ઠસી જાય તો માણસ જીવનની ગમે તેવી આકર્ષક છતાંયે ક્ષણભંગુર વસ્તુ કે વ્યક્તિમાં આસક્ત થાય નહીં. આસક્તિ ને મમતાની આ ગાંઠ તોડવા માટે જ મહાપુરુષો ને શાસ્ત્રો જીવનની ક્ષણિકતાનો વારંવાર ઉપદેશ આપે છે. દુનિયામાં કોઈ સ્ત્રીની પાછળ બરબાદ થાય છે, કોઈ ધનદોલત ને જાગીરમાં લપટાય છે, તો કોઈ શરીર ને સંતાનમાં આસક્ત થાય છે : જુદી–જુદી વસ્તુને માટે કાવાદાવા પણ કાંઈ ઓછા થતાં નથી. આ બધાનું કારણ માણસનું ઘોર અજ્ઞાન છે : જીવનની વાસ્તવિકતા પ્રત્યેનું તેનું અજ્ઞાન છે. જેનું એ અજ્ઞાન ટળ્યું છે તે તો જે સનાતન છે તે ઈશ્વરમાં જ આસક્ત થશે, ને એ રીતે અમરપંથનો યાત્રી બનશે. બીજો કોઈ અમૃતપદ મેળવવાનો માર્ગ નથી. આ પદ જેણે મેળવ્યું છે તેને કોઈ ભય નથી. બીજાને માટે મૃત્યુ ને જીવનના અનેક જાતના ભય ઊભા છે.

યોગેશ્વરજી


# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦
વિદેશમાં રૂા. ૨૫૦–૦૦ (વિમાનથી)

⊗ **સંસ્થાપક :** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).

⊗ **તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.

⊗ **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.

⊗ **અધ્યાત્મના સહાયક સ્વજનો :** ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઈ કલોલા અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી.

⊗ **તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની. ફોન : **૫૬૫૮૧૧**

⊗ **મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪સી–૧, બોરડીગેટ, ભાવનગર–૧. ફોન : **૨૦૨૧૬૧**


### લેખકોને નિમંત્રણ

⊗ અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે. ⊗ લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

⊗ ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો. ⊗ 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો. ⊗ 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે. ⊗ પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે. ⊗ 'અધ્યાત્મ'અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે. ⊗ દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| અભિનંદનીય શુભસંકલ્પ | મા સર્વેશ્વરી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| પૂ. શ્રી માના સાન્નિધ્યે ગુરુપૂર્ણિમાનો વિશિષ્ટ મંગલ ઉત્સવ | કલ્યાણ | ૯ |
| પૂ. મા સર્વેશ્વરીના સાન્નિધ્યે ગુરુપૂર્ણિમાનિમિત્તે 'ગુરુ'પરનું વ્યાખ્યાન | પ્રા. તરલા ય. દેસાઇ | ૨૧ |
| ૧૫ ઓગસ્ટના કાર્યક્રમોની ઝલક | યોગેશ્વર ચરણરજ | ૩૩ |
| માની બે થાપટનો પ્યાસી | અરવિંદ જોષી | ૪૦ |
| મુંડક ઉપનિષદ્ | યોગેશ્વરજી | ૪૪ |
| શબરીની ઝુંપડીએ શ્રીરામ | કલ્યાણ | ૪૮ |
| રસેશ્વરી | યોગેશ્વરજી | ૫૯ |
| ધર્મસારનાં વાક્યો | — | ૬૪ |


O

# * અભિનંદનીય શુભસંકલ્પ *

શ્રી વાસુદેવ શ્રી પદ્માબેન–[એડમન્ટન–કેનેડા]
શ્રીઅંબેલાલ શ્રી હંસાબેન–[ટોરન્ટો–કેનેડા]
શ્રીપ્રભુદાસ શ્રી રૂક્ષ્મણીબેન–[ટોરન્ટો–કેનેડા]

કેનેડાની આ ત્રીજી શિબિરની પૂર્ણાહુતિ પ્રસંગે આ ભક્ત ત્રિપુટીના મનઅંતરે શુભસંકલ્પ જાગ્યો.

અધ્યાત્મમાસિકનો સપ્ટેમ્બર ૨૦૦૨ ના અંકનો આર્થિક ભાર અમે સાથે મળીને ઉપાડીશું.

પૂ. શ્રી ગુરુદેવ શ્રી યોગેશ્વરજીના ચરણકમળમાં પૂ. મા સર્વેશ્વરીની કૃપા–પ્રેરણાથી અર્પણ કરી રહ્યા છીએ.

* * *

હે ભક્ત ત્રિપુટી આપનું સર્વ પ્રકારે સર્વ મંગલ થાઓ એવી પ્રાર્થના.

અતિશય મોંઘવારીમાં આપ જેવા થાંભલાઓના ટેકાથી અધ્યાત્મની ઇમારત ૨૨ વર્ષથી ગૌરવ સાથે ઉન્નત મસ્તકે ઊભી છે. એથી પણ આપ અભિનંદનના અધિકારી છો.

આભાર–અભિનંદન–આશીર્વાદ પ્રભુના.

— મા સર્વેશ્વરી.

# અધ્યાત્મ


વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૨૩ સપ્ટેમ્બર–૨૦૦૨ અંક : ૧૨


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૨૦/૯/૮૧ રવિવાર, ભાદરવા વદ સાતમ, ૨૦૩૭**

**સ્થળ : લેસ્ટર શહેરથી બર્મિંગહામ શહેર, ઇંગ્લેન્ડ.**

સવારે સર્વેશ્વરીને તાવ શરૂ થયો. પરિણામે ભોજન પણ ન લીધું. ભોજન માટે આજે પૂ. શ્રી પણ ન ગયા. જેથી શ્રી વિદ્યાબેન ઉતારા ઉપર મળવા આવે છે. મુલાકાતીઓએ આજે પણ મોટી સંખ્યામાં હાજર રહી લાભ લીધો.

શ્રી કાન્તીભાઇ અને જ્યોત્સ્નાબેનનો આ શહેરમાં પ્રથમવાર જ પરિચય થયો છે. બંને પ્રેમી છે. સેવાભાવી છે. લેસ્ટરથી બર્મિંગહામ શ્રી કાન્તીભાઇ જ પોતાની ગાડીમાં પૂ. શ્રીને મૂકવા પધારે છે.

સાંજે ગીતાભવનમાં આજનું પ્રથમ પ્રવચન હિન્દીમાં શરૂ



થયું. ત્યાં જ બર્મિંગહામ યુનિ.ના ૫૦, ૬૦ અંગ્રેજ વિદ્યાર્થીઓ પણ મંદિરમાં આવ્યા હતા જેથી પૂ. શ્રીને ચાલુ પ્રવચને પ્રમુખે ચીઠ્ઠી મોકલી કે કૃપા કરી આપ અંગ્રેજીમાં પ્રવચન આપો તો અંગ્રેજ વિદ્યાર્થીઓને લાભ થશે. પૂ. શ્રીએ તરત જ અંગ્રેજી ભાષામાં પ્રવચન શરૂ કર્યું. શ્રોતાઓનો કેટલોક વર્ગ ફક્ત હિન્દી જ જાણે તેથી વચ્ચે વચ્ચે પૂ. શ્રી હિન્દીમાં પણ બોલ્યા. આજનું પ્રવચન હિન્દી ને અંગ્રેજીમાં બે ભાષામાં થયું.

પ્રવચન બાદ પૂ. શ્રીએ જાતે ખીચડી બનાવી, સર્વેશ્વરી સાથે થોડી લીધી. પછી આરામ. અસ્વસ્થતાને લીધે સંક્ષિપ્ત નોંધ લખી આરામ.

**તા. ૨૧/૯/૮૧ સોમવાર, ભાદરવા વદ આઠમ, ૨૦૩૭**

**સ્થળ : ગીતાભવનથી બર્મિંગહામ શહેર, ઇંગ્લેન્ડ.**

ગીતાભવનની ઉપર જ સ્વતંત્ર ઉતારો છે. વ્યવસ્થા સારી છે. પૂ. શ્રી પોતાના કામમાં નિયમિત રહે છે. સર્વેશ્વરી આરામ જ કરે છે.

બર્મિંગહામ ઇંગ્લેન્ડનું બીજાનંબરનું શહેર છે. અહીં ગીતાભવન નામની સંસ્થા છે, જેમાં મંદિર છે. મંદિરમાં રાધાકૃષ્ણ ને તિરૂપતી બાલાજીની મૂર્તિ આવેલી છે. હોલમાં વિશાળ મંચ છે. મંચ ઉપર બે આસનો છે, જેના પર યોગેશ્વરજી અને સર્વેશ્વરીએ બેસવાનું હોય છે.

આજે સવારે મુલાકાતમાં શ્રીદીનાનાથ પાઠક અને શ્રી હરિપ્રસાદ વ્યાસ આવે છે. એ બંને ભાઇઓ અપરિચિત છે. ભોજનની વ્યવસ્થા શ્રી દીનાનાથ પાઠકને ત્યાં થઇ. શ્રી વ્યાસ હિન્દુ કોમ્યુનીટી સેન્ટરના પ્રમુખ છે. તેઓ પણ પૂ. શ્રીને ભોજન માટે

આમંત્રણ આપવા આવ્યા છે. બંને પ્રેમાળ પુરુષો છે.

સમયસર શ્રી દીનાનાથ પાઠકને ત્યાં ભોજન માટે એક ભાઈની ગાડીમાં જવાનું બને છે. ત્યાં ભોજન પહેલાં પંદરમો અધ્યાય શ્રી પાઠક, શ્રી ઈન્દિરાબેન, શ્રી સર્વેશ્વરી અને પૂ. શ્રી બોલે છે. પછી ભોજન થાય છે.

આજે પ્રવચનમાં સર્વેશ્વરી જઈ શકતાં નથી. આરામ જ કરે છે.

અહીં પંજાબીઓ વધુ છે. મંદિરના પ્રમુખ શ્રી ભરદ્વાજ સેવાભાવી ને પ્રેમાળ છે. ઉપર ઉતારા ઉપર બધી જ સગવડ છે. ગેસ છે, જેથી આજે પણ પ્રવચન પછી પૂ. શ્રી ખીચડી બનાવે છે!

ખીચડીનું ભોજન લઈ આરામ.

**તા. ૨૨/૯/૮૧ મંગળવાર, ભાદરવા વદ નોમ, ૨૦૩૭**

**સ્થળ : ગીતાભવનથી બર્મિંગહામ શહેર, ઇંગ્લેન્ડ.**

આજે સર્વેશ્વરી સ્વસ્થ છે. ફ્લ્યુ ને શરદી થોડાં હળવાં થયાં છે. આજથી નિયમિત નોંધ શરૂ થાય છે.

સવારે પૂ. શ્રી સમયસર વ્યાયામ, માળા, લેખનમાં પોતાનો સમય ગાળે છે. મુલાકાતના સમયે કોઈ હોતુ નથી. જેથી પૂ. શ્રી ઓરડામાં માળા કરતાં કરતાં આંટા મારે છે. સર્વેશ્વરી અધ્યાત્મના ગ્રાહકોની યાદી તૈયાર કરે છે.

એક વાગ્યે શ્રી દીનાનાથ પાઠકને ત્યાં ભોજન માટે જવાનું બને છે. પતિપત્ની બંને સેવાભાવી છે. ખીચડી, કઢી, શાક, પાતરાં, સેવનું ભોજન છે. ખૂબ ખૂબ પ્રેમથી પૂ. શ્રીને ભોજન કરાવે છે. બેઠકના ઓરડામાં નીચે આસન ઉપર દરરોજની જેમ ભોજન લેવાનું બને છે.



શ્રી શંકરાચાર્યની વાતો થાય છે. વળી શ્રી ઈન્દિરાબેનને સાહિત્યનો રસ લાગે છે એટલે થોડીક સાહિત્યની વાતો પણ થાય છે. એમનો દીકરો દુર્ગેશ રજનીશજીના વિચારો પૂ. શ્રીની દૃષ્ટિએ કેવા છે, તે જાણવા પ્રયત્ન કરે છે.

શ્રી દીનાનાથ વયોવૃદ્ધ છે. વિશાળ ને વિવિધ વાચનના શોખીન છે. વાતચીત ઉપરથી જણાયું કે તેઓએ અત્યારસુધી હજાર જેટલાં પુસ્તકો વાંચ્યાં છે. પૂ. શ્રી સાથે તેઓ ગંભીર વિષયની જ ચર્ચા કરે છે.

એમનો આજનો પ્રશ્ન હતો:–ભાગવત, મહાભારત ને હરિવંશ. એ ત્રણે ગ્રંથમાં શ્રીકૃષ્ણનું જે વર્ણન આવે છે તેમાં સૌથી પ્રમાણભૂત કયા વર્ણનને ગણવું? પૂ. શ્રી ખૂબ સુંદર રીતે સમજાવે છે.

આજે હિન્દુ કોમ્યુનીટી સેન્ટરના પ્રમુખ શ્રી હરિપ્રસાદ વ્યાસ પૂ. શ્રીને પોતાના સેન્ટર ઉપર લઈ જવા માંગે છે.

શ્રી વ્યાસના પ્રમુખપણા હેઠળ એક લાખ પાઉન્ડની ચર્ચની જગ્યા ખરીદાઈ છે. વિશાળ જગ્યા છે. ચારસો ખુરશીવાળો મોટો હોલ છે. મંદિરનો પણ મોટો હોલ અલગ છે. વળી બીજા પણ ચારપાંચ નાના હોલ છે. અહીં મંદિર, શાળા, સંસ્કૃત–હિન્દીના વર્ગો, વિદ્યાર્થીઓને રહેવા માટેની છાત્રાલયની સગવડ, સંતના ઉતારા અને યુવકની પ્રવૃત્તિ, ધાર્મિક પ્રવચનો વિગેરે વિવિધ પ્રવૃત્તિઓ આ સંસ્થા આ નવા મકાનમાં ચાલુ કરવા માગે છે.

એ સંસ્થાનું રીપેરીંગ ભારતીય ભાઈબેનો જ કરી રહ્યાં છે. ઉત્સાહ ઘણો છે. શ્રી વ્યાસ પૂ. શ્રીના બે દિવસના પ્રવચન ગોઠવવાનું વિચારી રહ્યા છે. વળી શ્રી યોગેશ્વરજી આ સંસ્થાના પેટ્રન બનીને માર્ગદર્શન આપે એવું પણ તેઓએ કહ્યું. શ્રી વ્યાસ

સેવાભાવી ને પ્રેમાળ જણાયા.

એ નવી શરૂ થતી સંસ્થામાં પૂ. શ્રીનું ને સર્વેશ્વરીનું ચંદન-તિલક ને ફૂલથી સ્વાગત કરી, વિવિધ સમજ શ્રી વ્યાસે પૂરી પાડી.

ભોજન પછી ત્યાં જવાનું બન્યું. સાંજે ત્યાંથી આવતાં પાંચ વાગી ગયા હતા. પૂ. શ્રીએ આરામ કર્યો. સર્વેશ્વરીએ નોંધ લખી.

ગીતાભવન જ્યાં પૂ. શ્રીનાં પ્રવચનો ચાલે છે ત્યાં સેવાપૂજાનું કામ એક મહારાષ્ટ્રીયનબેન કરે છે. તે બેન ખૂબ પ્રેમાળ સરળ ને સેવાભાવી છે. સંતના ઉતારા ઉપર તે બેન ખૂબ પ્રેમથી અનાજ, ફળ, દૂધની આગ્રહ કરી કરીને વધુને વધુ સગવડ આપીને સેવા કરે છે. સવારસાંજ કંઇક કામ હોય તો જરૂર કહેજો એવું કહેવાનું તે બેન ચૂકતાં નથી.

ઉતારા ઉપર રેફ્રીજરેટર, ટેલીવીઝન, હીટર, ગરમપાણીની સગવડ, કબાટ, ગેસ વિગેરે બધી જ આધુનિક સગવડ છે. ગીતાભવનના સંચાલકો પંજાબી છે.

બર્મિંગહામ મુંબઇની યાદ અપાવે એવું છે. મોટા મોટા મકાનો છે. રસ્તાઓ ભોંયરામાંથી બનાવ્યા છે. સરસ સ્વચ્છ ને પહોળા માર્ગો છે. બર્મિંગહામમાં ચાર હજાર જેટલા તો ગુજરાતી હશે એવું સાંભળવા મળ્યું.

પ્રવચન બાદ શીરો બનાવ્યો. જેથી દૂધ ને શીરો લીધો. પછી આરામ.

(ક્રમશઃ)

○



પૂ. શ્રી માના સાન્નિધ્યે

# ગુરુપૂર્ણિમાનો વિશિષ્ટ મંગલ ઉત્સવ

કલ્યાણ

કલ્યાણકાજે નિજ ભક્તકેરા,
કાયા ધરીને પ્રકટ્યા જગે જે,
લીલા કરી દિવ્ય અનંત એવી,
શ્રી યોગેશ્વરપ્રભુ નમન હો તમોને.
દયાળુ, પ્રેમાળ, પ્રશાંત કેવા,
બ્રહ્માંડના નાથ અનન્ય એવા,
સમર્થ સર્વેશ્વર છો તમે તો,
શ્રી યોગેશ્વરપ્રભુ નમન હો તમોને.

ગુરુહરિ શ્રી યોગેશ્વરપ્રભુના ઉપરના પ્રશસ્તિવાચક શબ્દોમાં પ્રગટ થતા કલ્યાણમય પરમ સ્વરૂપને આજના ગુરુપૂર્ણિમાના મંગલદિને અતિશય દીનતાપૂર્વક અને નમ્રતાપૂર્વક પ્રણામ કરીને ભક્તો પરમ ધન્યતા અનુભવે છે.

ગુરુહરિ શ્રી યોગેશ્વરપ્રભુએ પોતાના શરણાગત ભક્તોપર જે અનન્ય કૃપા વરસાવી છે તેની કયા શબ્દોમાં પ્રશસ્તિ કરીએ? તેમણે રચેલા સાધનાના ઇતિહાસે સાધનાક્ષેત્રે નવાં સીમાચિહ્નો પ્રસ્થાપિત કર્યાં છે. ગુરુહરિ શ્રી યોગેશ્વરપ્રભુના હિમાલયજેવા ઉત્તુંગ અને વિશાળ જીવનમાંથી પ્રેરણાનાં અવિરત ઝરણાં આજે પણ એવાં જ વહી રહ્યાં છે. તેમના ઉપકારો જન્માંતરોસુધી વિસરી શકાય તેમ નથી. આજે ગુરુપૂર્ણિમાના મંગલદિને ઉપકાર-

વશ અંતર તેમના શ્રી ચરણોમાં અનુરાગની અંજલિ ધર્યાવિના કેમ રહી શકે? શ્રી ગુરુહરિના ગુણાનુવાદનું ગાન કરતાં, પ્રશસ્તિ કરતાં અંતર ધરાય જ કેમ? તેમના ગંગાજેવા પાવન અને નિર્મલ જીવનમાંથી પ્રેરણાના એકાદ ઘૂંટનું આચમન કરી શકીએ તોય જીવન સાર્થક છે.

શ્રી યોગેશ્વરપ્રભુનો ઉડીને આંખે વળગે તેવો મહાન ગુણ છે તેમની ઈશ્વરદર્શનની અનેરી લગન, ભરયુવાનવયે તેમણે અદમ્ય ઉત્સાહ સાથે પ્રભુપંથે પ્રયાણ કર્યું. હિમાલયના પહાડોમાં સાધનાની અપૂર્વ ધૂણી ધખાવી. એકધારી વીસ વર્ષસુધી સાધનાની જ્યોત જ્વલંત બનીને ઝળહળતી રહી. એ સાધનાયજ્ઞમાં ક્ષુધા, તૃષા અને નિદ્રાની આહૂતિઓ અપાઇ ગઇ. દિવસરાતના ભેદ ભૂલાઇ ગયા. વિપત્તિઓની વર્ષા વચ્ચે પણ ક્યારેય તેમનો ઉત્સાહ મંદ પડયો નથી. પ્રતિકૂળતાઓની આંધી વચ્ચે પણ કોઇ પણ ફરિયાદ કર્યા-વિના અડગ રહ્યા છે. જગદંબાના દર્શનની લગન એવી તો તીવ્ર હતી કે તે માટે ધીરજપૂર્વક અપાર કષ્ટો સહન કર્યાં. તિતિક્ષા અને સહનશીલતાની કોઇ હદ ન રહી. છતાં ક્યારેય પાછા પગલાં ભર્યાં નથી. નિરાશાને પાસે ફરકવા જ નથી દીધી. સાત સાત વર્ષસુધી ઊંઘને તિલાંજલિ આપીને પરમશક્તિને પ્રગટ કરવા અશ્રુભરી આંખે પ્રાર્થતા રહ્યા. ભૂખના દુઃખને અમૃતપાન માનીને ગટગટાવી ગયા. ખાવાનું, પીવાનું, રહેવાનું તેમ જ ઋતુઓની વિષમતા લઈને ક્યારેય એક પણ વાતની અનુકૂળતા ન હતી. જગદંબા પ્રત્યેના જ્વલંત પ્રેમપાસે બધું જ ગૌણ બની ગયું. એક પળભર પણ પ્રમાદ, બેદરકારી કે આરામપ્રિયતા સેવી નથી. અષ્ટસિદ્ધિઓ અને નવનિધિ શ્રી ચરણોમાં આળોટવા લાગી, છતાં તેમનાથી તૃપ્તિ ન અનુભવી. એકમાત્ર માના દર્શનની જ લગન! આ ધ્યેય-નિષ્ઠા જ તેમને જગદંબાના દર્શનની મંઝિલસુધી લઇ ગઇ!



છેવટે જગદંબા પ્રત્યેની પ્રબળપ્રીતિએ જગદંબાને પ્રગટ કર્યાં અને એ પરમશક્તિનું દર્શન ક્ષણે ક્ષણની અનુભૂતિ બની ગઇ! પરંતુ અહીં તેમની સાધના અટકી નહીં. અધ્યાત્મની દિશામાં વધુ સંશોધન કરવાનો ક્રાંતિકારી વિચાર તેમના મનમાં સ્ફૂર્યો. તે વિચાર હતો સૂક્ષ્મ રીતે અનુભવાતી પરમશક્તિને સ્થૂળ સ્વરૂપે પ્રગટાવવાનો, અને પરમશક્તિના પ્રગટ સ્વરૂપને પ્રગટાવવા માટે તેમણે જાનની બાજી લગાવી દીધી. પ્રીતની રીત ખરેખર અનેરી છે. જગદંબાના પ્રગટ સ્વરૂપને પામવા તેમણે શ્વાસોશ્વાસે સાદ પાડયા અને અદ્ભુત અપૂર્વ આવિર્ભાવ સર્જાયો.

ઝંખે એને સદા રસેશ્વર પીડા સહતાં પ્રાણ,
રસેશ્વરી રસના નિધાનને ઝંખે ભૂલી ભાન.

રાસલીલામાં ભાન ભૂલાયું ત્યારે એકત્વ સર્જાયું. રાધિકા શ્યામ બની ગઈ.

રીત પ્રીતની એવી બની રાધિકા શ્યામ,
શ્યામ બન્યા રાધામય રટતાં રસભીનીનું નામ.

પ્રીતની આ રીતે શ્રી યોગેશ્વરપ્રભુ સ્વયં જગદંબા સ્વરૂપે આવિર્ભાવ પામ્યા.

હવે તો શ્રીપ્રભુએ શ્રી માનું સ્વરૂપ ધર્યું, એટલે એ પરમ માતૃસ્વરૂપ વાત્સલ્યનું બીજું સ્વરૂપ બની ગયું.

માનું નામ ધર્યું તમે તો, માનું નામ ધર્યું,
બાલકપરની મમતાથી તો અંતર છેક ભર્યું,
રસના ઉડે ફુવારા એમાં, સુખનું ધામ થયું,
તમે તો માનું નામ ધર્યું.

ગુરુહરિ શ્રી યોગેશ્વરપ્રભુના શ્રી શ્રી મા સર્વેશ્વરીના પરમ

સ્વરૂપને પ્રગટાવવાના અમર મહાયોગદાનના ઉપકારને પૂ. શ્રી માનાં બાળકો ક્યારેય વિસરવાનાં નથી. પરમશક્તિને માતૃસ્વરૂપે પામીને પૂ. શ્રી માના બાળકોની ધન્યતાનો કોઇ પાર નથી. પરમ માતૃસ્વરૂપમાંથી અહર્નિશ વાત્સલ્યના ફુવારા સહજ અવિરત ચાલ્યા જ કરે છે. તેમાં સ્નાન કરવું તે જ બાળકોની સાધના બની ગઇ છે. કેવી આનંદમય સાધના! બાળકોને આ આનંદમય સાધના પૂ. શ્રી મા કેવી રીતે કરાવે છે તે આપણે આ ગુરુ-પૂર્ણિમાના ઉત્સવમાં માણીએ.

પરમશક્તિની પૂર્ણતાના આવિર્ભાવસમા ગુરુહરિ શ્રી યોગેશ્વર-પ્રભુ અને પૂ. શ્રી મા સર્વેશ્વરીના ઉપકારોને આ ગુરુપૂર્ણિમાના મંગલદિને બાળકો યાદ કર્યાવિના કેવી રીતે રહી શકે? ગુરુહરિના આ પ્રગટ સ્વરૂપને તેમના શ્રી ચરણોમાં નતમસ્તક થઇને, તેમના પરમ સ્મરણવિના બીજી શું અંજલિ આપી શકીએ? તેમના શરણાગત બાળક બનીને તેમની પરમ આજ્ઞા પાળવામાં જ બાળકોની સાધનાનો સાર સમાઇ જાય છે. બાળકોના જીવનમાં સાધના પ્રત્યેનો ઉત્સાહ અને ઉમંગની ભરતી સતત ચડતી રહે તે માટે આ વખતે પૂ. શ્રી માએ અવનવા કાર્યક્રમોનું આયોજન કર્યું છે.

ગુરુપૂર્ણિમાના પરંપરાગત ઉજવાતા ઉત્સવની પ્રણાલિકાને પૂ. શ્રી માએ એ મંગલ ઉત્સવ સૌને માટે વધુ લોકભોગ્ય અને પ્રેરણાદાયી બને તે માટે ઉત્સવના કાર્યક્રમને નવું કલેવર આપ્યું છે. અત્યારસુધી શાસ્ત્રી ગુરુપૂજનની વિધિ કરાવતા અને બાકીના ભક્તો એ પૂજનના સાક્ષી બનીને બેસી રહેતા અને પૂજનના અંતે શ્રી ગુરુચરણે યથાયોગ્ય ભેટ ધરીને સંતોષ માનતા. માત્ર બે કલાકમાં ચીલાચાલુ ઘરેડમાં થતી વિધિ પતાવીને સૌ પોતાના જીવનની ગતિવિધિમાં પરોવાઇ જતાં, ન કોઇ ઉત્સાહ, ન કોઇ



ભાવની ભરતી, ન કોઇ નવી પ્રેરણા. બસ, એ જ પુષ્પ, પાણીની ચમચી, કંકુ, ચોખા અને નૈવેદ્ય. આ પ્રથામાં પૂ. શ્રી માએ નવા પ્રાણ પૂર્યાં.

પૂ. શ્રી માના સાન્નિધ્યમાં પહેલી જ વખત આવો ભવ્ય ગુરુપૂર્ણિમાનો ઉત્સવ ઉજવાયો. પૂ. શ્રી માએ પરંપરાથી ચાલી આવતી ગુરુપૂજનની વિધિમાં ક્રાંતિકારી ફેરફારો કર્યા.

સ્વર્ગારોહણની ગુરુપૂર્ણિમાનો ઉત્સવ આ વખતે નવસર્જન પામેલા યોગધામમાં ઉજવાયો. યોગધામને આસોપાલવના તોરણ અને ધજાપતાકાઓથી વિશિષ્ઠ રીતે શણગારવામાં આવ્યું. યોગ-ધામ પણ નવસર્જન પામીને નવા સાજ સજીને પ્રભુના સ્વરૂપને પધરાવવા અને આવકારવા જાણે સજ્જ થઇ ગયું!

ગુરુપૂર્ણિમાની પૂર્વસંધ્યાએ તા. ૨૩/૭/૦૨ ના રોજ યોગ-ધામમાં પ્રભુના સ્વરૂપને પધરાવતાં પહેલાં શોભાયાત્રાનું આયો-જન કરવામાં આવ્યું. 'ૐ નમો ભગવતે યોગેશ્વરાય'ના પ્રેમ-પોકારોથી સ્વર્ગારોહણની ગલીઓ ગૂંજી ઊઠી. બાળકો પ્રભુના સ્વરૂપને પોતાના હસ્તમાં પધરાવીને નર્તન કરવા લાગ્યા. સૌ બાળકો શોભાયાત્રાની શોભા બનીને ઉત્સાહથી થનગનતાં હતાં. પોતાના પ્યારા પ્રભુને પોતાના કરમાં ઝૂલાવતાં નર્તન કરતાં કુટિયા-ને પ્રદક્ષિણા કરીને યોગધામમાં આવ્યા અને સુંદર શણગારવામાં આવેલા ઊંચા આસનપર શ્રી પ્રભુને પધરાવ્યા. શ્રી પ્રભુને આસન-પર પધરાવતાની સાથે જ યોગધામ અનેરા સંકીર્તનથી ગૂંજી ઊઠયું. ગુરુહરિ જેમના લીલાવિગ્રહમાં પ્રગટ છે એવાં પ્રગટ ગુરુહરિ પૂ. શ્રી માના પ્રગટ સાન્નિધ્યમાં સંકીર્તનની મસ્તીની ભરતીઓ ઉપર ભરતીઓ ચડવા લાગી. આનંદનો મહાસાગર જાણે યોગધામમાં લહેરાઇ ઊઠયો. પૂ. શ્રી માના પ્રગટ દર્શનની

આનંદગંગામાં સંકીર્તનની યમુના ભળી અને જાણે સંકીર્તન સમાધિનું ભવ્ય પ્રયાગરાજ તીર્થ પ્રગટ થઈ ગયું! એ તીર્થદર્શન-ની સમાધિમાં સૌ તન્મય બની ગયા. સવારે નવ વાગ્યે શરૂ થયેલી સંકીર્તન મસ્તી છેક બપોરના એક વાગ્યાસુધી ઉમટતી રહી. પૂ. શ્રી માના વાત્સલ્યવારિધિમાં બાળકો આનંદનાં મોજાં બનીને ઊછળી રહ્યા!

તા. ૨૩ ની રાત્રે પણ એક અનોખા અને અનેરા કાર્યક્રમનું આયોજન કર્યું. રાતના નિયમિત સત્સંગ પછી ૧૧ વાગ્યાથી વહેલી સવારના ચાર વાગ્યાસુધી શ્રી યોગેશ્વર લીલામૃતનું સંપૂર્ણ પારાયણ કરવાનું નક્કી કર્યું. પૂ. શ્રી માના આયોજન પ્રમાણે બાળકોએ ૧૧ વાગ્યે ઉત્સાહભેર લીલામૃતના પારાયણનું ગાન શરૂ કરી દીધું. બાળકોમાં પારાયણગાનનો ઉત્સાહ ઉમટતો રહે એટલા માટે રાત્રે બે વાગે પૂ. શ્રી મા પોતાનું રાત્રિનું કામ છોડીને પધાર્યાં. પૂ. શ્રી માનું દર્શન થતાં બાળકોમાં અનેરા ઉત્સાહની ભરતી ચડી ગઈ. સૌ બાળકો મોટા અવાજથી પારાયણ કરવા લાગ્યા. પૂ. શ્રી મા આવે એટલે બાળકો માટે પ્રસાદ તો હોય જ. પૂ. શ્રી માએ બાળકોને પૂરતા પ્રસાદથી તૃપ્ત કર્યા અને ફરીથી પારાયણ આગળ ચાલ્યું. પૂ. શ્રી મા બાળકોમાં ઉત્સાહ પ્રગટાવીને પોતાના નિવાસસ્થાનમાં પાછાં ફર્યાં. છેલ્લા ત્રણ અધ્યાય બાકી હતા, ત્યાં પૂ. શ્રી મા ફરીથી પધાર્યાં. છેલ્લા ત્રણેય અધ્યાય પૂ. શ્રી માએ પોતાના સાન્નિધ્યમાં મૌન વાંચનદ્વારા પૂરા કરાવ્યા. બરાબર વહેલી સવારે ચાર વાગ્યે સંપૂર્ણ પારાયણ પૂર્ણ થયું. ત્યારબાદ સ્નાનવિધિ પતાવી છ વાગ્યે શરૂ થતી પ્રભાતફેરીમાં હાજર થવાની પૂ. શ્રી માએ આજ્ઞા આપી.

આમ ગુરુપૂર્ણિમાની પૂર્વસંધ્યા પૂરબહારમાં ખીલી ઊઠી.



દિવસે સંકીર્તન થયું અને રાત્રે લીલામૃતનું પારાયણ થયું. આ ઉત્સવમાં સૌ બાળકો ભાગીદાર બન્યાં તેથી દરેક બાળકનું હૈયું આત્મિક આનંદભરતી માણી રહ્યું.

જેમ ગુરુપૂર્ણિમાની પૂર્વસંધ્યા અનેરા ઉત્સાહે રમણીય બની રહી તેમ ગુરુપૂર્ણિમાનો દિવસ પણ દેદીપ્યમાન બની ગયો. બાળકોની ગુરુભક્તિ હૈયામાં ઉમટી પડી, કારણ કે પૂ. શ્રી માએ આજે એક અનોખા કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

પૂ. શ્રી માએ આજે ગુરુહરિ શ્રી યોગેશ્વરપ્રભુની પાદુકાની પાલખીયાત્રાનું આયોજન કર્યું હતું. પાલખીમાં શ્રી પ્રભુનું સ્વરૂપ અને પાદુકાજી પધરાવવામાં આવ્યાં હતાં. પરંતુ પૂ. શ્રી માએ એવી આજ્ઞા કરી કે જેઓએ ગુરુપૂર્ણિમાએ નવા નિયમો લીધા હોય તેઓ જ પાલખી ખભાપર ધારણ કરીને યાત્રા કરે. પૂ. શ્રી માના આયોજન પ્રમાણે ક્રમશઃ દરેક બાળક ચારના સમૂહમાં પાલખી ખભાપર ધારણ કરે અને કુટિયાની પ્રદક્ષિણા કરીને સમગ્ર સ્વર્ગારોહણમાં પણ પ્રદક્ષિણા કરે. આ રીતે ભવ્ય પાલખી-યાત્રા શરૂ થઈ. પાલખીને ખભે ધારણ કરીને બાળકો જ્યારે સંકીર્તન કરતાં કરતાં સ્વર્ગારોહણની યાત્રા કરતા હતા ત્યારે એ દર્શન કેવું દિવ્ય અને ભવ્ય લાગતું હતું! ગુરુપૂર્ણિમાના પવિત્ર દિવસે ગુરુભક્તિનું આ કેવું ભાવપૂર્ણ દર્શન હતું! સૌ બાળકો પોતાની ગુરુભક્તિ વ્યક્ત કરીને પરમ ધન્યતા અનુભવતાં હતાં. પોતાના પ્રાણપ્યારા ગુરુહરિને પાદુકાજીસહિત ખભે ધારણ કરીને સ્વર્ગારોહણતીર્થમાં વિહાર કરાવવાનો અનેરો લ્હાવો સૌ ભક્તોએ મનભરીને માણ્યો.

પૂ. શ્રી માની આ અનેરી ગુરુપૂજનની વિધિથી સૌ બાળકો

ખુશખુશાલ થઇ ઊઠયાં, કારણ કે સૌને પોતાનો ભાવ વ્યક્ત કરવાનો લ્હાવો મળ્યો. પોતાના ગુરુહરિ સાથે પાલખીયાત્રાને લીધે અનેરી આત્મીયતા અનુભવી રહ્યાં. આ અનોખા કાર્યક્રમને લીધે શ્રી પ્રભુના ઉપકારોને યાદ કરીને સૌ બાળકો પોતાની ભાવાંજલિ શ્રી ગુરુચરણે ધરી શક્યાં. પૂ. શ્રી માની આ નવી ગુરુપૂજનની વિધિને લીધે સૌ બાળકો આત્મિક આનંદની ભરતી અનુભવી રહ્યાં.

પૂ. શ્રી માએ બીજી પણ અનેરી અવનવી પ્રથાને અપનાવીને સૌને આશ્ચર્યચકિત કરી દીધા! ગુરુપૂર્ણિમાએ શ્રી ગુરુચરણે ભેટ ધરવાની પ્રથા દરેક ધર્મસંપ્રદાયોમાં વર્ષોથી ચાલી આવે છે. પૂ. શ્રી માએ આ વખતે ક્રાંતિકારી નિર્ણય લઇને કોઇએ કંઇ પણ ભેટ કોઇ પણ સ્વરૂપે શ્રી ગુરુચરણે ન મૂકવાની આજ્ઞા કરી. પૂ. શ્રી મા એવું માને છે કે ગુરુપૂર્ણિમાએ ગુરુચરણે પૈસા ધરવાનું પર્વ નથી, કે ઉઘરાણું કરીને પૈસા એકઠા કરવાનો દિવસ નથી. એ પવિત્ર દિવસ તો શ્રી ગુરુએ કરેલા ઉપકારોને યાદ કરીને તેમના ઉપદેશોને જીવનમાં વધુ પ્રતિષ્ઠિત કરીને જીવનને વધુને વધુ ઉજ્જવળ બનાવવા શ્રી ગુરુચરણે નિયમોની ભેટ ધરવાનો છે. આજના દિવસે નવા નિયમો, નવા સંકલ્પો અપનાવીને પ્રભુપંથે સતત ચાલતા રહેવાનું છે. ગુરુપૂર્ણિમાએ તો શ્રી ગુરુચરણે આપણી સાધનાના ઇતિહાસની પ્રગતિ બતાવવાનો દિવસ છે. શું કર્યું? અને હવે શું કરવાનું છે? તેનું નવું ચિત્ર રજૂ કરી પ્રભુપંથે નવપ્રસ્થાન કરતા રહેવાનું છે.

ત્રીજી મહત્ત્વની વાત પૂ. શ્રી માએ એ કરી કે આજના ગુરુપૂર્ણિમાના મંગલદિને સૌ કોઇ નવા નિયમો લે, અને તેનું



બરાબર પાલન કરે, એ જ શ્રી ગુરુચરણે સાચી અંજલિ છે. પૂ. શ્રી માએ સત્સંગસભામાં વ્યક્તિગત દરેક સાધકને ઊભા કરીને પોતે કયો નિયમ લે છે તેની જાહેરાત કરાવી. પૂ. શ્રી માએ ભારપૂર્વક જણાવ્યું કે દરેક સાધક પોતાની જાતનો સાચો ચોકીદાર બને અને જાગ્રત રહીને નિયમો પાળે. આપણી પ્રગતિની આપણે પોતે જ કાળજી નહીં રાખીએ તો કશી જ પ્રાપ્તિ શક્ય નથી.

આ રીતે પૂ. શ્રી માએ સાચા અર્થમાં ગુરુપૂર્ણિમાનો ઉત્સવ ઉજવવાની ક્રાંતિકારી શરૂઆત કરી. જે પર્વથી પ્રભુપંથે સાચી પ્રગતિ થાય તે જ સાચા અર્થમાં પર્વની ઉજવણી છે તેમ પૂ. શ્રી માએ સમજાવ્યું.

બપોરના ૧૨ થી ૧ કલાક દરમિયાન જાણીતા અધ્યાત્મ લેખિકા અને ગુજરાતીભાષાના અધ્યાપક શ્રી તરલાબેન દેસાઇનો શ્રીગુરુ માહાત્મ્યપર વાર્તાલાપ રાખ્યો હતો. શ્રી તરલાબેનને અમદાવાદથી ખાસ નિમંત્રણ આપીને પૂ. શ્રી માએ બોલાવ્યાં હતાં. તેમણે શ્રી ગુરુ માહાત્મ્યપર વિદ્વત્તાપૂર્ણ મનનીય વાર્તાલાપ આપી શ્રી ગુરુનું પરમ માહાત્મ્ય સમજાવ્યું. આદિગુરુ ભગવાન શંકર અને ભગવાન વ્યાસથી લઇને આધુનિક યુગના પરમગુરુઓના જીવનપ્રસંગો અને ગુરુશિષ્યોના સંબંધોપર ઉત્તમ વ્યાખ્યાન આપી સૌને પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું. વાર્તાલાપનું સુયોગ્ય સમાપન કરતાં તેમણે જણાવ્યું કે આજના યુગમાં પૂ. શ્રી મા જેવા પરમગુરુ મળવા અને તેમના શ્રીચરણે જીવન સમર્પિત કરવાનું જેમને સૌભાગ્ય મળ્યું છે, તેમાં જ જીવનની પરમ ધન્યતા, સાર્થકતા છે.

સાંજની સત્સંગસભામાં વિદેશથી આવેલા બાળકોએ પૂ. શ્રી

માના બાળવયના સરસ પ્રેરણાદાયી પ્રસંગો સુંદર અભિનયદ્વારા રજૂ કર્યાં. સૌને પ્રસંગો ખૂબ જ ગમ્યા, પૂ. શ્રી મા પણ પ્રસન્ન થયાં. ભારતના બાળકોએ પણ રાજા ભર્તુહરિ અને પિંગલાનો પ્રસંગ સરસ રીતે રજૂ કર્યો.

અમેરિકાથી આવેલી નાનકડી શીતલે કુશળતાપૂર્વક સીતાર-વાદનની કલા પેશ કરીને સૌને મંત્રમુગ્ધ કરી દીધા! આટલી નાની ઉંમરમાં તે વળી અમેરિકામાં રહીને સીતાર જેવા અઘરા વાદ્યપર પ્રવીણતા પ્રાપ્ત કરવી તે ઈશ્વરની કૃપા અને પૂર્વના સંસ્કારો વગર શક્ય નથી. પૂ. શ્રી માના વાત્સલ્યનું પીઠબળ આવા બાળકલાકારોને નવી શક્તિ અને પ્રેરણા આપ્યા કરે છે.

પૂ. શ્રી માની પ્રેરણાથી જે લોકકલ્યાણના કાર્યક્રમો ચાલે છે તેમાં આજના ગુરુપૂર્ણિમાના મંગલદિને પૂ. શ્રી માએ અંબાજી અને ખેડબ્રહ્માના છાત્રાલયોમાં રહેતી આદિવાસી બાળાઓને વસ્ત્રદાનનો કાર્યક્રમ પણ રાખ્યો હતો. બપોર પછી ૩ થી ૬ ના આ કાર્યક્રમમાં પૂ. શ્રી માના વરદહસ્તે દરેક બાળાને વસ્ત્રદાન આપવામાં આવ્યું હતું. આદિવાસી બાળાઓએ પણ પોતાના લોકનૃત્યો અને અભિનયગીતોનો સરસ કાર્યક્રમ રજૂ કર્યો હતો.

છેલ્લે પૂ. શ્રીના વિડિયોદર્શન અને પ્રવચનથી સાંજની સત્સંગસભા મ્હોરી ઊઠી! ગુરુહરિના પ્રત્યક્ષ દર્શન અને પ્રવચન-થી આજનો ઉત્સવ સાર્થક થઇ ગયો. સર્વત્ર આનંદ આનંદ છવાઇ રહ્યો.

આજનો ગુરુપૂર્ણિમાનો ઉત્સવ પૂ. શ્રી માના ક્રાંતિકારી નિર્ણયોથી નવી જ ભાત પાડી રહ્યો. પૂ. શ્રી માએ ઉત્સવ ઉજવવાની નવી જ દિશા ચીંધી.



આજનો ગુરુપૂર્ણિમાનો ઉત્સવ પૂ. શ્રી માની કૃપાથી પ્રભુપંથે સતત ચાલતા રહેવાની નવી શક્તિ અને પ્રેરણાનું ભાથું ભરી ગયો.

સ્વયં પરશક્તિને માતૃસ્વરૂપે પામીને પૂ. શ્રી મા સર્વેશ્વરીના બાળકોની ધન્યતાનો કોઇ પાર રહ્યો નથી. શ્રી ગુરુ અને શ્રી હરિ આ માતૃસ્વરૂપમાં પ્રગટ છે, એટલે આજનો ગુરુપૂર્ણિમાનો ઉત્સવ માતૃદર્શનથી જ સાર્થક થઇ ગયો.

હે મા, ફક્ત
તમારા જ રસથી રંગાયું,
તમને હૈયું ચહે.
મૂંગું મૂંગું ઉત્સવ ઉજવે,
કોને વાત કહે?
બાળક, મા વિના કેમ રહે!

શ્રી યોગેશ્વર કૃપા
**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**
ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમ જ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭
ફોન : ૩૨૨૮૨૩૧

શ્રદ્ધાવિના સાધનાનો રથ સહીસલામત આગળ ચાલી જ ના શકે. સાધકને પોતાની જાતમાં જ શ્રદ્ધા ના હોય ને તે વારંવાર વિચાર કર્યા કરે કે મારાથી સાધનાની પ્રવૃત્તિ ને સિદ્ધિ થશે જ નહિ, તો તેનું કામ મુસીબત-વાળું ને અશક્ય બની જાય છે. એવા સાધકો ઘણા દેખાય છે જે પોતાને તદ્દન દીન, હીન ને નિર્બળ માને છે, એવા સાધકો શું કરી શકે? માટે જ આપણે સાધકોને શ્રદ્ધા જગાવવાની ને વધારવાની ખૂબ ભારપૂર્વક ભલામણ કરીએ છીએ.

—યોગેશ્વરજી

સૌજન્ય :


જ્યોતિષ વિષયક સચોટ માર્ગદર્શન
ધાર્મિક પૂજન વિધિ
કોમ્પ્યુટરાઇઝ્ડ જન્માક્ષર

✆ 436216
435371

॥ મા સર્વેશ્વરી જ્યોતિષ કાર્યાલય ॥
પ્રોફેસર શ્રી વિજયભાઇ પંડિતજી
જ્યોતિષાચાર્ય, ડબલ ગોલ્ડ મેડાલીસ્ટ (M.S.U.)
૨૦૧/બી, 'સ્નેહસુધા', સુરસાગર સામે, મ્યુઝિક કોલેજની બાજુમાં,
દાંડીયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧. ફેક્સ : ૯૧ (૨૬૫) ૪૩૫૩૭૧
Website : www.vijaybhaipanditji.com
E-mail : vijaybhaipanditji@hotmail.com




પૂ. મા સર્વેશ્વરીના સાન્નિધ્યે ગુરુપૂર્ણિમાનિમિત્તે

# 'ગુરુ'પરનું વ્યાખ્યાન

પ્રા. તરલા ય. દેસાઇ

'ગુરુપૂર્ણિમા'ના અવસરે જ નહિ, જીવનની હરેક પળે, પ્રત્યેક શ્વાસમાં અધિષ્ઠિત થઇ બિરાજતાં પરમ પૂજ્ય 'મા' સર્વેશ્વરી, જે વસ્તુતઃ મૌનમાં અધિષ્ઠિત છે. જ્યાં એ નથી બોલતાં, પ્રભુ જ બોલે છે. મા સાંભળે છે, સાંભળવામાં જ સદૈવ લીન, આત્મસ્થ છે. એમની સમક્ષ કંઇ પણ બોલવા જતાં મને વિવેકાનંદના શબ્દોનું સ્મરણ થાય. 'મન, વચન, કર્મથી હું જો કંઇ પણ સિદ્ધ કરી શક્યો હોઉં તો, અથવા જો હું કોઇને પણ સહાય થાય એવો એક પણ શબ્દ બોલી શક્યો હોઉં તો એ બધાંનો યશ રામકૃષ્ણ-દેવને જાય છે. કટુતા, દ્વેષ, કષાય દેખાય તો તે મારો.' એટલું જ નહિ. આનાથી પણ એક સવાઇ સત્ય એ છે કે, 'અત્યારે 'મા' જ બોલશે. કારણ કે, બોલવાની ક્ષમતા કેવળ 'મા' માં જ છે.

'ગુરુ' શબ્દની ગુરુતા, મહત્તા જેટલી 'મા'એ કરી છે, મન–વચન–કર્મથી એવી મહત્તા કરી શકવા આ જગતમાં કોઇ અન્ય સમર્થ હોઇ શકે એવી કલ્પના પણ હું કરી શકતી નથી. તેથી 'ગુરુ' વિશે જો કોઇને કંઇ પણ બોલવાનો અધિકાર હોય તો તે 'મા' , કેવળ 'મા' ફક્ત 'મા'નો જ છે. ગુરુ તત્ત્વમાં 'મા'એ પોતાનું સઘળું સત્ત્વ રેડી દીધું છે, પોતાનું સમગ્ર અસ્તિત્વ ન્યોછાવર કરી દીધું છે. આ વાત હું નથી કહેતી, 'સ્વર્ગારોહણ'નો કણ કણ 'યોગતીર્થ'નું એકેએક સ્વરૂપ પોકારી–પોકારીને આ સત્ય પ્રકાશિત કરે છે.

આ હકીકતના સાક્ષી અહીં ઉપસ્થિત હરકોઇ છે. 'સર્વમંગલ પરિવાર'ના સર્વ સાધકો, ઉત્સાહી જિજ્ઞાસુઓ જેઓ પ્રભુ–માને પોતાના ગુરુને સન્માનવા અહીં પધાર્યા છે. એ સર્વેને મારા હાર્દિક નમસ્કાર.

સદ્‌ગુરુની પ્રાપ્તિ કંઇ કેટલાય જન્મોનાં સત્યકાર્યોથી થતી હોય છે. એટલે હજીસુધી તો હું કોઇ ગુરુ–પરમ ચેતનાને પામી શકી નથી. પણ મારી લઘુતા મને સમજાવા લાગી છે એટલે ગુરુતાની દિશા એ ખોલી આપશે એવી શ્રદ્ધા છે. અને પરમ પૂજ્ય મા સર્વેશ્વરીના પુણ્યપ્રતાપે જ મને મારામાં રહેલી મર્યાદાઓ–ઊણપો–અધૂરપો કળાવા લાગી છે. એટલે એ જ 'ગુરુયોગ' સાધી આપશે એવી શ્રદ્ધા છે, સંભવ છે. આજની પૂર્ણિમા મારા એ યોગ માટેની બીજ–ચંદ્રલેખા હોય!

હવે ગુરુપ્રાપ્તિ માટે લાયક–અધિકારી બન્યા પહેલાં 'ગુરુ' વિષય પર બોલવાનું સૌભાગ્ય 'મા'એ મને અર્પ્યું છે, તો શક્તિ-સ્રોત પણ એ જ પૂરો પાડશે, એ શ્રદ્ધાથી પ્રયત્ન કરું છું. કદાચ 'મા'એ મારામાં રહેલા 'શિક્ષકજીવ'ને આ નિમિત્તે પડકાર્યો હોય. 'ન જાને!'

શિક્ષકો–અધ્યાપકો, શિક્ષણકારો–કેળવણીકારો જો હિમાલય પર્વત હોય તો 'ગુરુ' કૈલાસશિખર છે. શિખરે પહોંચવા પર્વત–ચઢાણથી આરંભ કરવો પડે.

મને લાગે છે કે 'ગુરુપૂર્ણિમા'નું પર્વ સમજવા પ્રથમ 'શિક્ષકપૂર્ણિમા'થી શરૂઆત કરવી જોઇએ. એનું એક કારણ એ પણ ખરું કે આજના ઉભય સદ્‌ગુરુ પૂજ્ય શ્રી તેમ જ 'મા' બંને એકવાર શિક્ષકો હતા. આમ તો 'આપણી સમગ્ર જિંદગી એ શીખવાનું પર્વ છે. અને જે શીખવાડે છે તે પ્રભુનું રૂપ છે,' એટલે શિક્ષક શિક્ષણનો મૂળભૂત આધાર છે. જ્ઞાનની પ્રત્યેક શાખામાં એ જરૂરી છે.



**સ્વામી ક્રિષ્ણાનંદ** કહે છે તેમ, 'શિષ્યમાં જ્ઞાનનો ઉદય શિષ્યની પાત્રતા અને ગુરુની ચેતનાશક્તિ પર આધારિત છે. બંને એકબીજાનાં પૂરક છે.'

**જે. કૃષ્ણમૂર્તિ આદર્શ શિક્ષક**નાં લક્ષણો દર્શાવતાં કહે છે : 'શિક્ષણનું સર્વોત્તમ સાધન શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેનો પ્રેમ-સંબંધ છે. જેમના દૈનિક જીવનમાં પ્રેમ પ્રબળ ન હોય તેમણે શિક્ષક ન થવું જોઇએ. પ્રેમ સાથે વિવેક અને નિષ્કામભાવ હોય. મનોનિગ્રહ, કાર્યનિગ્રહ, સહિષ્ણુતા, પ્રસન્નતા, એકાગ્રતા, ઉત્સાહ, ધગશ, આદર્શપ્રિયતા શિક્ષકના અનિવાર્ય ગુણો છે. શિક્ષકમાં ઊંડી શ્રદ્ધા, શિષ્ય માટે વિશ્વાસ હોય. કોઇ માનવીને ખાતર નહિ, **પ્રભુને ખાતર** શિક્ષણકાર્ય છે એવો ભાવ હોવો જોઇએ.'

**વિમલા ઠકાર** 'શુભ સંસ્કાર સિંચનમ્ શિક્ષણમ્!' કરી, 'મનુષ્યત્વની પિછાન' કરનાર મુક્તિદાયિની વિદ્યાનું ગૌરવ કરે છે. એ માટે શિક્ષકોએ પોતે પોતાનાં ગૌરવ–ગરિમા પ્રગટ કરવા રહ્યાં. એ માટે તેણે આ મનોદશા દૂર કરવી રહી કે–

જેને ક્યાંય નોકરી ન મળે તે સ્કૂલમાં જાય.
જેનામાં કશી યોગ્યતા ન હોય તે શિક્ષક બને.

શિક્ષક બૌદ્ધિક મજૂર નથી. પ્રાપ્ત વિષયસજ્જ સંસ્કૃતિનાં મૂલ્યોનું તેજ વધારે છે. સાચો શિક્ષક આંતરિક રીતે સમૃદ્ધ હોય.

એ લઘુતાગ્રંથિ ત્યાગે છે. વિદ્યાલયના નિશ્ચિત સમય કરતાં એક મિનિટ મોડો ન જાય, ઘરનો ક્લેશ વર્ગમાં ન લઇ જાય. 'શાળા મારી યજ્ઞભૂમિ–મંદિર. એની પવિત્રતા હું સાચવીશ.

વાંચીને જ જઈશ.' એવો સંકલ્પ કરે. તે કર્મસમૃદ્ધ વેતનધારી છે, મફતિયો ભિખારી નથી. આવા શિક્ષકની ચેતના વિદ્યાર્થીમાં સહેજે સંક્રાન્ત થશે. ચાણક્ય કહે છે ને?

'શિક્ષક કભી સાધારણ નહીં હોતા,
પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદમેં પલતે હૈં.'

નદી પાસે બેસતાં જળની ઠંડક–શીતળતા અને બગીચામાં પ્રવેશતાં ફૂલની સુગંધ સ્પર્શે તો એક જીવતા–જાગતા માનવીની ઊર્જા બાળકમાં સંક્રાન્ત કેમ ન થાય?

આવું શિક્ષણ ભૌતિક જગત અને અધ્યાત્મ વચ્ચેનો સમન્વય રચે અને તો જ શિક્ષણ ચૈતન્યસંક્રમણ મહત્તમ કરી શકે. આવો શિક્ષક ગુરુની પ્રતિકૃતિ બની શકે.

આમ તો કોઈપણ કલા કે શાસ્ત્રની પ્રાપ્તિ માટે ગુરુ અનિવાર્ય છે. જો વિદ્યાનું અંતિમ લક્ષ્ય 'સ્વ–સ્વરૂપની પ્રાપ્તિ' હોય તો તે માટે તો ગુરુ અનિવાર્ય હોય જ.

(૧) પણ **સાચા ગુરુ કોને ગણવા?** તેની પરખ કેવી રીતે કરવી. પૂ. મોટા કહે છે જ્યાં શિક્ષકનું કાર્ય સમાપ્ત થાય છે ત્યાંથી ગુરુનું શરૂ થાય છે. કેમ કે–'He comes not to teach but to awaken.'

**વિમલા ઠકાર** કહે છે : 'જગદ્‌ગુરુ બે–કૃષ્ણ અને શિવ. ગુરુત્વની સોળે કળાએ ખીલેલા ચંદ્ર. અન્ય સર્વ ગુરુઓ–૧૪, ૧૫ કળાવાળા.'

**વિવેકાનંદ કહે છે** : 'માનવીમાત્રમાં રહેલી દિવ્યતા પ્રગટાવવા મથવું એ કેળવણીનું લક્ષ્ય.' વિદ્યાનું અંતિમ લક્ષ્ય. સ્વ–સ્વરૂપની પ્રાપ્તિ.



**કૃષ્ણપ્રેમ** : 'વિદ્યાપ્રાપ્તિ માટે ગમે તેટલા ગુરુ કરો પણ જે ગુરુમાં પોતાના અંતરમાં બિરાજતા દેવતાનાં દર્શન કરે છે એ જીવ જતાંયે બીજો ગુરુ નહિ કરે.'

**વિમલા ઠકાર** : જેમની ચેતનામાંથી અહંકાર સમૂળગો નષ્ટ થઈ ગયો છે. જેમની ચેતના સમગ્રતામાં પ્રતિષ્ઠિત થઈ છે. જેમનાં વાણી–વ્યવહારમાં તટસ્થતાની સૌરભ છે. જેમનું જીવન પ્રભુમય થઈ ગયું છે, એ વ્યક્તિ ગુરુપદે પ્રતિષ્ઠિત છે.

**શ્રી રમણ મહર્ષિ** : જેમના પ્રત્યે સન્માનની લાગણી થાય, પરમ શાંતિનો અનુભવ થાય ને જેમની હાજરીમાં તમામ સંકલ્પ–વિકલ્પ વિલીન થઈ જાય. તે 'ગુરુ' જે ગમે તેવી આસમાની પરિસ્થિતિમાં પણ આત્મસ્વરૂપથી ચલિત નથી થતા. 'ગુ' એટલે અંધકાર અને 'રુ' એટલે પ્રકાશ. જે અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાય તે ગુરુ.

અખાએ ઢોંગી–આડંબરી ગુરુઓની ખબર લઈ નાંખી છે.

'ગુરુ કીધાં મેં ગોકુળનાથ, ઘરડા બળદને ઘાલી નાથ,
તોય વિચાર ન–ગુરાનો ન–ગુરો જ રહ્યો.'

**કબીર કહે છે** :

'કાન ફૂકનેકા ગુરુ ઔર હૈ, બેહદકા ગુરુ ઔર,
જો બેહદકા ગુરુ મિલે તો પહુઁચાયે ઠૌર.'

આજ કબીરે ગુરુનું બહુમાન કરતાં કહ્યું :

'ગુરુ ગોવિન્દ દોનો ખડે કાસૂ લાગુ પાય!
બલિહારી ગુરુ આપકી ગોવિંદ દિયો બતાય.'
'હરિ સે તૂ જનિ હેત કર, કર હરિજનસે હેત,
માલમુલૂક હરિ દેત હૈ, હરિજન હરિ હી દેત.'

(૨) ગુરુ માનવદેહે જ હોય?

**ગોપીનાથ કવિરાજે** સરસ કહ્યું છે :

દેહ નહિ, દેહનો આશ્રય કરી કાર્ય કરતી ચૈતન્ય શક્તિ એટલે ગુરુ.

**સંત જ્ઞાનેશ્વર** : ગુરુ વ્યક્તિરૂપે આવિર્ભૂત ચેતનાની એક અવસ્થા છે. જે વૈશ્વિક ચેતના સાથે સમરસ હોય છે.

**શ્રી રમણ** : ગુરુ માનવસ્વરૂપે જ હોય એ જરૂરી નથી. દત્તાત્રેયે ૨૪ ગુરુ કર્યા હતા.

શ્રી રમણે અરુણાચલને ગુરુ તરીકે જોયા. ગુરુ–આત્મા–ઈશ્વર અલગ નથી.

પણ જીવનું શરીર સાથે તાદાત્મ્ય છે ત્યાંસુધી બહારના ગુરુ-ની જરૂર રહે છે, તે દૂર થતાં ગુરુ 'આત્મા સ્વરૂપે' સમજાવા માંડે છે.

**વિમલા ઠકાર** : તમે કોઈ વ્યક્તિને ગુરુપદે પ્રતિષ્ઠિત કરો ત્યારે તે અવસ્થાનું તાદાત્મ્ય તમે એ વ્યક્તિના શરીર સાથે કરશો નહિ.

જેમ સુગંધ એ પુષ્પની વાણી, પ્રકાશ એ દીપકની વાણી છે એમ નિરહંકારિતા, પ્રેમ, વિનમ્રતા એ ગુરુની વાણી છે.

**કૃષ્ણાનંદજી** : એ દેહસ્વરૂપ નહિ, પરમ સત્યના પ્રતિનિધિ છે.

(૩) ગુરુ ક્યારે મળે?

પહેલાં માનવી દુન્યવી ઈચ્છાઓ પૂર્ણ કરવા પ્રાર્થે પછી સત્યની પ્રાપ્તિ માટે પ્રાર્થે ત્યારે આવા સમયે ઈશ્વર એક યા બીજા સ્વરૂપે તેને દોરવણી આપવા આવી પહોંચે છે. એ ગુરુમેળાપના મુહૂર્ત વિશે સર્વ સંતો એકમત છે. જેમ કે,–



**વિમલા ઠકાર** : સંતોની અમૃતગંગાનાં સ્પંદનો સામેથી સાધકોને મદદ કરવા દોડી આવે છે.

**ડિવાઇન મધર** : સત્ય માટેની અભીપ્સા જાગતાં એવા લોકો, પુસ્તકો આપોઆપ મળી આવે છે.

**પૂ. મોટા** : સર્જનશીલ, ગતિશીલ, કર્મશીલ જિજ્ઞાસા જરૂરી–ગુરુપ્રાપ્તિ માટે!

**મા આનંદમયી** : સત્યપ્રાપ્તિ માટે તાલાવેલી–વિહ્વળતા જાગી ઊઠતાં ગુરુપ્રાપ્તિ થાય.

ટૂંકમાં (શિષ્યને) જિજ્ઞાસાને મેળવવાની ઉત્કટતા કરતાં (ગુરુ-ને) ઉપલબ્ધિને આપવાની ઉત્કટતા વધુ હોય છે.

પરમ પૂજ્ય સર્વેશ્વરી 'મા' આવાં–જ પ્રેમમયી–કલ્યાણમયી ગુરુસ્વરૂપા છે.

**શ્રી રમણ** : He is always within doing the needful and menifests as Guru when occassion demands.

(૪) ગુરુની કામગીરી કેવી હોય?

ગુરુની કાર્ય કરવાની પદ્ધતિ વિશે જુદા જુદા સંતો જુદી જુદી રીતે કહે છે :

**જ્ઞાનેશ્વર** : પરમતત્ત્વનો સાક્ષાત્કાર જે સાધનાના ક્રમવડે નથી થતો તે સદ્‌ગુરુની કૃપાથી સહજભાવે અનાયાસે થઈ જાય છે.

**કૃષ્ણાનંદજી** : માનવીની વિષયો તરફ જવાની મનની વૃત્તિને ગુરુ આધ્યાત્મિક માર્ગે વાળી આપે છે.

**શિવાનંદજી** : સંશય, અભિમાન, અહંકાર યુગમાં 'ગુરુભક્તિ-યોગ' મહત્ત્વનો.

સાધનાનો મોટો દુશ્મન રજોગુણી અહંકાર. એ નિર્મૂળ કરવા–અહંકાર ઓગાળવાનો સચોટ સાધનામાર્ગ ગુરુભક્તિ.

**શ્રી અરવિંદ** : ગુરુ શિષ્ય માટે સાધના કરી સિદ્ધિ ન અપાવી શકે. શિષ્યમાં શક્તિ મૂકી, ગતિ આપે, તેના અવરોધો દૂર કરવામાં સહાયભૂત થાય.

**શ્રી રમણ** : મૌન સર્વોત્તમ આધ્યાત્મિક દોરવણી છે. ગુરુ-કૃપાનું મોટું શસ્ત્ર મૌન છે. ગુરુ શિષ્યનાં મન શુદ્ધ કરે છે. આથી દેહત્યાગ પછી પણ શિષ્યને મદદ મળ્યા કરે છે. શિષ્ય ગુરુ માટે વાઘના મોઢામાં પડેલો શિકાર છે. ગુરુ એને કદી ત્યજતો નથી.

ગુરુ અવિદ્યાના રોગની દવા નથી. એ દર્દીને એની મૂળભૂત આરોગ્યાવસ્થા પુનઃ પ્રાપ્ત કરાવી આપે છે. પણ ગુરુ મનુષ્ય છે એમ માની ભૌતિક સંબંધની એ અપેક્ષા રાખે છે. પણ ગુરુ–ઈશ્વર–આત્મા અંદરથી કામ કરે છે. ભૂલો માટે જરૂરી માર્ગદર્શન આપે છે અને કેન્દ્રસ્થ થાય એટલે બહારથી ધક્કો મારે ને અંદર-થી ખેંચે છે.

નિમ્ન પ્રકૃતિવાળા ભક્તને પણ ગુરુ પોતાના સંકલ્પદ્વારા 'ચેતનાના પ્રવાહ'માં લઈ જાય છે.

શ્રી રમણ મહર્ષિએ ભક્ત જો નરકમાં જાય તો ત્યાં ગુરુ જઈને પણ તે તેમને બચાવશે, એવી વાત કરી છે.

**જ્ઞાનેશ્વર** : પરમતત્ત્વનો સાક્ષાત્કાર સાધનાથી થાય એના કરતાં ગુરુકૃપાથી અનાયાસે સહજભાવે થઈ જાય છે.

(૫) શિષ્યનું સંપૂર્ણ સમર્પણ કેવું હોય?



ગુરુ એક માત્ર આત્માને જ જોતા હોવાથી એમની દૃષ્ટિએ ગુરુ–શિષ્ય ભેદ નથી.

પરંતુ ગુરુમાં સંપૂર્ણ શ્રદ્ધા જરૂરી છે. શરૂઆત આંશિક સમર્પણથી થાય છે અને તે પૂર્ણ સમર્પણમાં પરિણમે છે.

**મા આનંદમયી** : 'આજ્ઞા ગુરુણામ્ અવિચારણીયા' સાધારણ માટે નહિ. તેમણે તે ગુરુઆજ્ઞાનો અમલ યુક્તિ–વિવેક–બુદ્ધિથી કરવાનો રહે.

પરંતુ શિષ્ય સર્વસમર્પણ કરી અનુચિત આજ્ઞાપાલન માટે તત્પર હશે તો તેને દોષ નહીં લાગે. કારણ કે ઈશ્વરીય નિયમ એ આજ્ઞાપાલનમાં અવરોધ ઊભો કરશે.

આમ ગુરુઆજ્ઞા ઉલ્લંઘન પણ ન થાય તથા અનુચિત કાર્યનું આચરણ પણ અટકી જાય.

(૬) શું ગુરુ અનિવાર્ય છે?

શ્રીદીલિપકુમાર રોયે મહર્ષિને પૂછ્યું કે શ્રી અરવિંદ કહેતા હતા કે તમારે કોઈ ગુરુ ન હતા?

**મહર્ષિ** : મેં ક્યારેય કહ્યું નથી ગુરુ અનિવાર્ય નથી. આનો આધાર તમે ગુરુ કોને કરો છો એના પર છે. ગુરુ નિઃશંકપણે અનિવાર્ય છે એવું ઉપનિષદો કહે છે.

**મા આનંદમયી (ગોપીનાથ)** : જ્યાં સુધી દેહાભિમાન, સંદેહ–સંશય ત્યાં સુધી સમાધાન માટે ગુરુ આવશ્યક. બાહ્ય-ગુરુની પેઠે પ્રત્યેકના હૃદયમાં અધિષ્ઠિત થયેલા આંતરગુરુ પણ છે. જે સત્યમાર્ગના નિયામક છે.

વિવેક આપોઆપ જાગી ઊઠે, આત્મા પોતે જ પોતાનામાં વિશ્રાંત થઈ જાય એવું બને.

**વિમલા ઠકાર** : આ દેશમાં ગુરુની અનિવાર્યતા બતાવનારો એક વર્ગ. 'આ બંને અંતિમ બે છેડાઓ છે; પણ આ બંને એક સિક્કાની બે બાજુઓ છે.'

(૭) ગુરુ અનિવાર્ય નથી :

સ્વાતંત્ર્યવાદી જે. કૃષ્ણમૂર્તિની દૃષ્ટિએ :

'મારે નથી જોઈતા અનુયાયીઓ. જે ઘડીએ તમે કોઈનું અનુકરણ કરો છો તે ઘડીએ તમે સત્યને અનુસરતા મટી જાઓ છો. મુક્ત બનો. તમામ મર્યાદાઓ તોડી–ફોડી ફેંકી દેવામાં મદદ કરવાનો.'

હું માત્ર તમારા જીવનના દર્પણ જેવો છું. એમાં જોઈ લ્યો પછી દર્પણ ફેંકી દો.

**રંગ અવધૂત** : દો હોય તો ડર લાગે, એક કો ડર કહો સે ઔર કિસમ?

**વિમલા ઠકારના પિતાએ કહેલું** : 'પરમ સત્ય તમારી ભીતર પડેલું છે એ જ ગુરુ બનીને પથપ્રદર્શન કરશે. બહાર ક્યાંય ગુરુને શોધવાની જરૂર નથી.'

**વિમલાજીએ કહેલું**–'હું કૃષ્ણમૂર્તિની શિષ્યા નથી. મારી પાસે મારું પોતાનું જીવન છે. કોઈનું જીવનવ્રત ઉપાડીને ચાલવાનો વખત નથી. હું એમની પાસેથી ઘણું શીખી છું, પણ અત્યારે જે બોલી રહી છું તે મારી પોતાની સમજ છે.'

**જે. કૃષ્ણમૂર્તિએ કહેલું**, 'મારે કોઈ અનુયાયી નથી.'

**વિવેકાનંદે કહેલું**, 'એક આત્મા જ બીજા આત્મા પાસેથી પ્રેરણા મેળવી શકે. જે આત્મા પાસેથી પ્રેરણા મળે તે ગુરુ, જે આત્માને પ્રેરણા મળે તે શિષ્ય.



આ જ **વિવેકાનંદને રામકૃષ્ણે કહેલું** : "અરે, આટલું મોડું અવાય કે? સંસારી લોકોની વાતો સાંભળી–સાંભળીને મારા કાન પાકી ગયા છે. અરે, મારી અનુભૂતિઓ ઝીલી શકે એવી કોઈ વ્યક્તિ આગળ મારો ભાર હળવો કરવા હું કેવો ઝંખી રહ્યો છું!"

આ રામકૃષ્ણદેવે એકવાર વિસ્મય પ્રગટ કરેલું, 'હું તારી સાથે બિલકુલ બોલતો નથી, છતાં તું કેમ આવે છે?'

ત્યારે વિવેકાનંદે કહેલું, હું આપને સાંભળવા થોડો આવું છું. 'મને આપના માટે ભાવ છે ને આપનાં દર્શન કરવાનું મને ગમે છે એટલે અહીં આવું છું.' એટલે જ ગુરુએ શિષ્યને અંજલિ આપેલી.

'અહીં જે સઘળું જુઓ છો (મારું આગમન પણ) તે નરેન્દ્રને કારણે છે.

શ્રી અરવિંદને અંતરના ગુરુ જ પૂર્ણ ચેતનાના શિખરે લઈ ગયા. તો મહર્ષિએ અરુણાચલને આરાધ્ય માન્યા. એમની સાથે અદ્વૈત રચ્યું.

પોંડેચેરીના 'મા'એ શ્રી અરવિંદ માટે કહ્યું, 'એમના વગર મારું અસ્તિત્વ નથી, મારા વગર એમનો આવિર્ભાવ નથી.'

પૂ. શ્રી સર્વેશ્વરી 'મા'ના પ્રણામ–વ્રત–સાધના–અશેષ સમર્પણ–શ્રી યોગેશ્વરજીને જ છે ને!

**રંગ અવધૂત કહેતા** : 'આ ધડપર માથું દેખાય છે, વસ્તુતઃ તો એ મારા ગુરુ–પરમાત્મ સ્વરૂપના ખોળામાં જ છે.'

તો ગુરુ સંજ્ઞાની સાચી સમજ પછી ગૌતમબુદ્ધની જેમ એમ જ કહેવું પડે કે 'આત્મદીપો ભવ' અર્થાત્ 'તું જ તારો ગુરુ થા.'

**કબીર** કહે છે ને! 'નિરાકાર મારો બાપ, સાકાર મારી મા.'

ગુરુકૃપાથી પૂર્ણ સત્યનું સ્વરૂપ પ્રત્યક્ષ થાય છે.

સંતોના ચરણરજની યે રજ થયાવિના ઉદ્ધાર નથી. પ્રકૃતિના ગુણ પ્રમાણે કર્મ થાય ખરું પણ તેના અધ્યક્ષ છે પરમાત્મા! જે અંતર્યામીરૂપે આપણા હૃદયમાં જ બિરાજે છે. બધાં કર્મો એમને જ અર્પણ કરવાનાં એ જ શરણાગતિ! આ સિદ્ધ થયા પછી કોઇ દાયિત્વ ન રહે.

'તોમાર કર્મ તુમિ કર મા,
લોક ભલે કહે કરિ આમિ!'

(તારાં કામ તું જ કર મા, લોક ભલે કહે મેં કર્યાં)

**વિવેકાનંદ સરસ કહે છે :** સખત સાધના કરો. તમે જીવો કે મરો તેની પરવા ન કરો. દરરોજ ધ્યાન ધરો. બધું આપોઆપ ખુલ્લું થઇ જશે. ગ્રંથો–ઉપનિષદો બહાર કાઢો. મહાનગ્રંથ તમે જ છો. **જ્યાંસુધી અંદરનો ગુરુ પ્રગટે નહિ, ત્યાંસુધી બહારનો બધો ઉપદેશ વ્યર્થ છે.**

માનવમાં રહેલી દિવ્યતા એ આદર્શ ને જીવનની દરેક પ્રવૃત્તિમાં તેને કેવી રીતે વ્યક્ત કરવી એ ઉપદેશ, ગ્રહો.

જેમણે જીવનધ્યેયનો સાક્ષાત્કાર કર્યો છે. એ પ્રશાંત આત્મા જે સંકલ્પ કરે તે અવશ્યમેવ ફળે છે. ને જે તેમને શરણે જાય છે તેઓ ઇચ્છાથી પર થઇને 'સત્યપ્રકાશ' પામે છે.

જે વ્યક્તિની મૂલવણી કેવળ આંતરિક દૃષ્ટિએ જ કરે એને 'મા' સર્વેશ્વરીને જ આપણે ધ્રુવતારક કેમ ન બનાવીએ? અર્થાત્ આ 'ગુરુપૂર્ણિમા'ના પરમ પર્વે આપણને ઇશ્વર–આત્મા–ગુરુના પર્યાય એવાં પૂ. 'મા' સર્વેશ્વરી સહજરૂપે સાંપડયાં છે તો એમને જ સાચા ગુરુ તરીકે પહેચાની, એમની સંનિધિનો લાભ લઇ, આપણું જીવન ધન્ય કેમ ન બનાવીએ? □



# ૧૫ ઓગસ્ટના કાર્યક્રમોની ઝલક

યોગેશ્વર ચરણરજ

## ધ્યાન અને પ્રણામ

આજે ૧૫ મી ઓગસ્ટ છે. પૂ. ગુરુદેવ યોગેશ્વરજીનો જન્મ દિવસ. અંબાજીના સ્વર્ગારોહણ તીર્થમાં પરમ તપસ્વીની મા શ્રી સર્વેશ્વરી પણ વિરાજે છે. પૂ. માનો આજે આદેશ છે–રોજ કરતાં થોડા વહેલા ઊઠજો, કારણ આજે સૂર્યનાં પહેલાં કિરણો પૂર્વ દિશામાં આવેલ પર્વતની નાની ટેકરીઓ પાછળથી પૃથ્વી પર પથરાય તે પહેલાં જ શ્રી યોગધામમાં સહુએ ચૂપચાપ પોતપોતાનાં આસનો બીછાવી ધ્યાનમાં બેસી જવાનું છે. પ્રભાતના શાન્ત વાતાવરણમાં–પેલી નાની ટેકરીઓની જેમ.

અઢીસો જેટલાં ભાઇબહેનો સરસ રીતે હારબંધ ગોઠવાઇ ગયાં છે. ૐ યોગેશ્વરાય નમઃના ધ્વનિથી ધ્યાન બેઠકનો પ્રારંભ થાય છે. સામે જ વિરાજતાં પૂ. પ્રભુનું સ્વરૂપ જાણે આજે પોતાની અમી નજરે સહુ સાધકોને નીરખી રહ્યું છે. આશીર્વાદ ધરી રહ્યું છે. માણસોનો શ્વાસ પણ સંભળાય એટલી નીરવ બાહ્ય શાન્તિમાં–સાધકો અંતરમાં ડુબકી મારી રહ્યાં છે. પ્રભાતનું એ અનેરૂં દૃશ્ય ખરે જ મૌનનો મહિમા સમજાતું–શાન્તિનાં આંદોલનોથી સભર વાતાવરણ માનવ મનની ગહરાઇસુધી પહોંચી જતું જણાય છે. ક્યાં કોલાહલના સાગરથી ઉભરાતાં શહેરો–અને ક્યાં આ જગદંબાના મહિમાને ધારણ કરતું અંબાજીનું આ સ્વર્ગારોહણ! કેવો વિરોધાભાસ!

ધ્યાન પછી ગુરુના મહિમાને વર્ણવતી–'અમોને જ્ઞાન દેનારા ગુરુને લાખ વંદન હો'ની પ્રાર્થના પછી ભક્તિ ને વ્યાયામના સમન્વય જેવા–પ્રણામો શરૂ થાય છે. દીનતા વગર અહં જતું નથી અને એવા અહંને મારવાનો એક માત્ર ઉપાય દીનભાવે પ્રભુને પ્રણમવાનો. પૂ. માને તે ખૂબ ગમે. એમની સાધના પ્રણાલિનો એ મુખ્ય પાયો. પ્રભુના પ્રદેશમાં પહોંચવા માટેનો તે પાસપોર્ટ. શ્રી માને રાજી કરવાનું–પ્રસન્ન કરવાનું–તે એક માત્ર સીધું સાદુ સરળ સાધન.

આજે નવા બંધાયેલા–'યોગધામ'માં પૂ. મા પ્રવેશ કરે છે. આજે અહીં પૂ. શ્રીની વિડિયો કેસેટ જોવાની છે. પૂ. ગુરુદેવની પ્રત્યક્ષ વાણી–અને એમના સ્વરૂપનું જીવંત દર્શન. કેવો સરસ સુભગ સમન્વય! આજના દિને સહુ સાધકો પૂ. શ્રીને નિહાળી ભાવવિભોર બની જાય છે, કારણ કે મોટાભાગના સાધકો એવા છે, જેઓએ પૂ. શ્રીની હયાતી દરમ્યાન તેઓને જોયેલા કે સાંભળેલા નથી.

પ્રવચનનો વિષય–ઉપવાસ છે. પોતાની હળવી વિનોદી શૈલીમાં ઢીલામનના માણસો–ઉપવાસ નથી કરી શકતા, તે વાત તેઓશ્રી સમજાવી કહે છે. ધાર્મિક વ્રત ખાતર, શારીરિક શુદ્ધિ કે આરોગ્ય ખાતર માણસો ફરાળ ખાઈને કે કેવળ દૂધ ફળ લઈને–પોત-પોતાની માન્યતાઓ પ્રમાણે ઉપવાસ કરતા હોય છે. પરંતુ શ્રેષ્ઠ ઉપવાસ તો તે છે જે કેવળ પ્રભુપ્રાપ્તિ માટે તેના ઉપર પ્રેમને લીધે કરાતા હોય. તેનાથી ઘણો લાભ સાધકને પહોંચે છે. પ્રભુની ઈચ્છા જાણીને કરાતા ઉપવાસો સર્વશ્રેષ્ઠ છે–પોતાના જીવનમાં તેઓએ પોતાની સાધનાના ભાગરૂપે ઉપવાસો કરેલ તે વાત સરસ રીતે સમજાવી. પૂ. માના ઉપવાસો પણ આ જ શ્રેણીના.



આત્મકથા 'પ્રકાશના પંથે'ના આણંદીના સંત જ્ઞાનેશ્વરના પૂ. યોગેશ્વરજીને થયેલ અનુભવોનું નાટયરૂપાંતર શ્રી વિજયભાઈ પંડિતજીએ–યુવાન સાધક ભાઈબહેનોની મદદથી કર્યું હતું. સાધકોએ ખૂબ રસપૂર્વક તે માણ્યું. આ ઉપરાંત મોરબી પાસેના હરિપર ગામની રાસમંડળી પૂ. શ્રીના જન્મદિને–પોતાના રાસ દર્શાવવા ખાસ આવી હતી. કલા, સંગીત અને શારીરિક સ્ફૂર્તિના સમન્વયસમા આ રાસો સૌરાષ્ટ્રના ગ્રામપ્રદેશમાં ખૂબ લોકપ્રિય થયેલા છે. હરિપરની આ મંડળી પણ આવી જ નામ કાઢેલી મંડળી છે.

આજે ભાવનગરના સાધક શ્રી રાજેશભાઈ કાપડીઆ મહાત્મા ગાંધીજીની કાષ્ટની નાની સુંદર પ્રતિમા લાવ્યા છે. ભાવ-નગરના એક જાણીતા કાષ્ટ શિલ્પકારે તે બનાવી છે. પૂ. મા તે પ્રતિમાનું શ્રી રાજેશભાઈના હાથે અનાવરણ કરાવે છે. પછી તે પ્રતિમાને યોગતીર્થમાં ખાસ પધરાવવામાં આવે છે. પૂ. મા જ્યારે આ પ્રતિમા પધરાવવા પ્રયાણ કરે છે, ત્યારે બાળસાધકો પોતાના રાષ્ટ્રધ્વજને ફરકાવતા–તેઓની આગળ ચાલે છે.

અમેરિકાથી આવેલ શ્રી પરમાર્થીનાં બેન ગુલાબબેનના પુત્રો શ્રી મહેન્દ્રભાઈ, સતીશભાઈ અને પુત્રી ભાવનાસાથે આવેલ બાળકોએ મહાત્મા ગાંધીજી, મહાત્મા યોગેશ્વરજી વગેરેનો સરસ અભિનય કર્યો. ગુજરાતીભાષા ન સમજતાં હોવા છતાં–'વૈષ્ણ-વજન તો એને રે કહીએ' સરસ સંગીતબદ્ધ રીતે ગાયું. સહુને તે ખૂબ ગમ્યું. નાની તેજલબેને યોગનાં આસનો સારી રીતે કરી બતાવ્યાં. વિદેશમાં વસવા છતાં પૂ. માનું સાન્નિધ્ય પામીને આ બાળકોએ ભારતીય સંસ્કાર અને સંસ્કૃતિ કેવાં સાચવી રાખ્યાં છે, તેની પ્રતીતિ સહુ જોનારાઓને થઈ.

પૂ. શ્રીની આત્મકથાના પ્રસંગોપર આધારિત નાટય પ્રસંગોની સરસ રજૂઆત શ્રી વિજયભાઇ પંડિતજીએ ખૂબ શ્રમપૂર્વક કરી. તો યુવા સાધકોએ બહુ જ ઓછા સમયમાં તે ઘટનાઓને આત્મ-સાત કરી પ્રેક્ષકો સમક્ષ–અભિનયદ્વારા સફળ રીતે રજૂ કરી. સહુ ખરે જ અભિનંદનના અધિકારી છે.

### ધ્વજવંદન

આ પછી બધા જ સાધકો ધ્યાન માટેની કુટિયા આગળ એકત્રિત થઇ ગયા છે. ખંભા ઉપર રાષ્ટ્રધ્વ જવંદનની રાહ જોતો જાણે સ્થિર–મેદની સામે નીરખી રહ્યો છે. પૂ. મા પોતાની સાહજીક અદાપૂર્વકની ચાલ સાથે મેદની વચ્ચેના માર્ગથી પધારી ઊભાં રહી, સહુ પ્રત્યે એક નજર નાંખી લે છે. શ્રી કલ્યાણ પૂર્વજીવનમાં વ્યાયામ શિક્ષક હતા. એટલે આ ધ્વજવંદનની પ્રણાલિકાગત વિધિ-થી જાણકાર છે. બધા ઉત્સુક નજરે પૂ. માને નિહાળી રહ્યા છે ક્યારે પૂ. મા ધ્વજ લહેરાવે. પરંતુ પૂ. મા કંઇક બીજું જ વિચારી રહ્યાં છે. તેઓ એકદમ પોતાની પાટીપર લખે છે–'તમારામાંથી જે આજીવન ખાદી પહેરતા હોય તે આગળ આવે.' બધા એકબીજા-ની સામે જુએ છે. ટેરિકોટનના આ યુગમાં ખાદીધારી મળવા મુશ્કેલ. પરંતુ પ્રભુકૃપાએ–એક વ્યક્તિ નીકળી આવી–તે શ્રી બચુ-ભાઈ પાઠક ડો. હિમાંશુના પિતાશ્રી. આઝાદીની લડતથી આજસુધી એકધારી ખાદી પહેરનારા–પ્રારંભમાં કાંતીને પહેરતા. ખાદીના શ્રમની પ્રતિષ્ઠા અને પવિત્રતાના સમન્વય જેવું એમનું જીવન.

આજે પૂ. માએ એમના હાથે ધ્વજવંદન કરાવી ખાદીનો મહિમા વધાર્યો. સરકારી સમારંભોને સ્થાને આ આધ્યાત્મિક સ્થાનમાં જે સાદાઇ છતાં ભાવપૂર્વક રાષ્ટ્રધ્વજ લહેરાયો–તે દૃશ્ય–અનુપમ હતું. રાષ્ટ્રધ્વજને 'વંદેમાતરમ્' ગીતવડે સલામી ધરવામાં



આવી તો 'ઝંડા ઊંચા રહે અમારા' અને 'ઇસ મીટ્ટીસે તિલક કરો, એ ધરતી હૈ બલિદાનકી'ના કવિ શ્રી પ્રદીપજીના ભાવસભર ગીતિ–ઘડીભર સહુને રાષ્ટ્રભાવમાં ડૂબાડી દીધા. શ્રી નિલેશભાઇ-ના બુલંદ અવાજે ગવાયેલું એ ગીત સહુને સ્પર્શી ગયું તો 'વંદે માતરમ્' અને 'ભારતમાતાની જય'નો જયઘોષ દૂર- સુદૂરના પહાડોસુધી વિસ્તરી રહ્યો.

આ પહેલાં આ કુટિયાપર 'ૐ યોગેશ્વરાય નમઃ'ના લખાણ સાથેની નવા ધજા ચઢાવવામાં આવે છે ત્યારે પૂ. મા–પ્રભુના નામનો જયઘોષ સાધકો કરી રહે છે.

પૂ. માએ સુરતના ડોક્ટર શ્રી મૂકેશભાઇ પટેલના ચિત્રોના પ્રદર્શનનું પણ ઉદ્‌ઘાટન કર્યું. જોનારાઓને એ આશ્ચર્ય થતું હતું કે એક ડોક્ટર થઇને–આ બધાં ચિત્રો બનાવવાનો સમય તેઓએ ક્યાંથી કાઢયો.

શ્રી મૂકેશભાઇએ પોતે આ ચિત્રકલાની ઉપાસના પોતાના ધંધાના રોકાણો છતાં કેવી રીતે કરી તે વિગતે સમજાવતાં કહ્યું હતું કે કોઇ પણ કળામાં રસ ને ઉત્સાહ હોય તો માણસ સમય શોધી કાઢે છે. તેમાં પ્રબળ ઇચ્છાશક્તિ જરૂરથી મદદરૂપ થાય છે. સ્કેચપેન્સીલ, રંગો, માટી, કાચ વગેરેનો ઉપયોગ કરીને લગભગ સો જેટલાં સરસ ચિત્રો પ્રદર્શનમાં રજૂ કરાયાં હતાં.

ડો. અરૂણાબેન ઠાકરે પોતાના વક્તવ્યમાં પૂ. યોગેશ્વરજીની વિવિધ સાહિત્યની કૃતિઓ વિષે વિગતે સમજ આપી હતી. પૂ. શ્રીનું સાહિત્ય કળાનો જીવન સાથેનો સંબંધ દર્શાવે છે. તે નીપજ તેઓશ્રીની આધ્યાત્મિક ખોજમાંથી ઉદ્‌ભવ પામેલી છે. ભારતના પૌરાણિક સંસ્કૃત સાહિત્યના વારસાને આધુનિક યુગના સંદર્ભમાં ગુજરાતી સરળ ભાષામાં ઉતારી તેઓએ સમાજની મોટી સેવા કરી છે.

આજના પર્વ નિમિત્તે શ્રી બચુભાઇ અને ઇલાબેનના પરિવારે—સરસ સ્વાદિષ્ટ મિષ્ટાન્નભોજન સાધકો અને અહીં કામ કરતા કારીગરો વગેરેને જમાડયું. તેમનો ભાવ ખરે જ અદ્‌ભુત લાગ્યો.

### અન્નવિતરણનું અનોખું સત્કર્મ

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીના જન્મદિન નિમિત્તે એક અનોખો સેવાયજ્ઞ આયોજીત થયો છે. આજે સ્વર્ગારોહણને આંગણે ૩૦૦ જેટલા અશક્ત, અપંગ, ગરીબ પરિવારોને પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના માર્ગદર્શન પ્રમાણે આમંત્રવામાં આવેલ છે. આ દરિદ્રનારાયણોની અહીં પૂજા થવાની છે. આ અર્ધભૂખ્યા પરિવારોને ચાંદલા કરીને નહિ પરંતુ તેઓને સન્માનપૂર્વક અનાજનું વિતરણ કરીને તેઓનું પૂજન કરાઇ રહ્યું છે, દરેકને ૨૦ કિલો ઘઉં અને ૫ કિલો મગની દાળ, સાથે પૂ. માનો ગાંઠિયા અને બુંદીનો પ્રસાદ આપવામાં આવી રહ્યો છે અને તે પણ એવી રીતે કે હારબંધ બેઠેલા આ દરિદ્રનારાયણો પાસે જઇને—તેઓને પ્રણામ કરીને આપવામાં આવી રહ્યો છે. લેનાર લાચાર નથી, પણ આપનાર ઉપર ઉપકાર કરી રહ્યો છે—પૂ. માનો આ ભાવ આ સત્કર્મમાં અભિવ્યક્ત થઇ રહ્યો છે.

આ અન્નદાનની ભેટ કપૂરાના શ્રી બચુભાઇ અને ઇલાબેન—તેમ જ પનામાના શ્રીવસંતભાઇ અને ગુલાબબેન તરફથી આપવામાં આવી છે.

અનાજ વિતરણમાં પ્રત્યક્ષ સામેલ થવાનું સૌભાગ્ય ઇલાબેના પરિવાર ઉપરાંત, શ્રી દમયંતીબેન, શ્રી જયુબેન, શ્રી ચંપાબેન, ભાઇ રાજીવ, હેમલ, સ્નેહલ વગેરેને પણ મળ્યું.



આ કાર્યક્રમનું આયોજન સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના શ્રી રેવાશંકરભાઇ પુરોહિતના સહયોગથી કરવામાં આવ્યું. અંબાજી આસપાસનાં પંદર ગામોમાંથી અભાવગ્રસ્ત અને ગરીબ પરિવારોને શોધી કાઢવાનું કામ પૂ. માના યુવાભક્તો શ્રી સ્નેહલ પુરોહિત અને શ્રી હેમલ મહેતાએ મિત્રોની સહાયથી કર્યું. આ કાર્યક્રમનું સંચાલન શ્રી રાજુભાઇ જાનીએ કર્યું.

આ સમારંભનું મુખ્ય આકર્ષ પૂ. માની આ કાર્યક્રમના અંત-સુધની ઉપસ્થિતિ હતી. જન્મદિન નિમિત્તે કેવાં સત્કર્મ કરી શકાય તેની સમજ પૂ. માએ આ કાર્યક્રમદ્વારા સાધકોને ધરી. સમય પ્રમાણે પરંપરાગત વિધિવિધાનોમાં કેવાં પરિવર્તન લાવી શકાય તે પૂ. મા સમાજને દર્શાવી રહ્યાં છે. પૂ. માની આ અનોખી દૃષ્ટિને અમારા વંદન હો, વંદન હો. □

યોગમાર્ગની સાધનામાં સમાધિનું સ્થાન ખૂબ ખૂબ મહત્ત્વનું છે. તેના વિના પરમાત્માનું દર્શન કે સ્વરૂપનો સાક્ષાત્કાર તદ્દન અસંભવ છે. આ વાત આ માર્ગના સાધકે સમજી લેવી જોઇએ. — યોગેશ્વરજી

ફોન : ૩૨૧૦૭૦૭, ૩૨૨૧૯૧૦
મોબાઇલ : ૯૮૨૫૧૩૩૩૫૫
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડીઓ.**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત-૩૯૫ ૦૦૧.

# માની બે થાપટનો પ્યાસી

અરવિંદ જોષી

(આ ગીતના કવિ શ્રી અરવિંદભાઇ જોષી અંબાજીમાં આવેલી ધર્મશાળા શ્રી શક્તિભુવનના મેનેજર છે. તેમને પદો રચવાની સ્ફુરણા ઈશ્વરદત્ત છે. પ્રસંગો જોતા તેમના અંતરમાંથી ગીતો જાણે અંકુરિત થઇને મ્હોરી ઊઠે છે.

તેઓ સ્વર્ગારોહણના પાડોશી હોવાથી પૂ. શ્રી માના દર્શને અવારનવાર આવ્યા કરે છે. એક વખત પૂ. શ્રી માનો સત્સંગ ચાલતો હતો અને તેઓ પણ એ સત્સંગસભામાં પૂ. શ્રી માના દર્શનનો સત્સંગ માણતા હતા. એ સત્સંગસભામાં પૂ. શ્રી માએ એક ભક્તપર પ્રસન્ન થઇને વાત્સલ્યભાવે તેની પીઠ થપથપાવી. તે જોઇને તેમને પણ પૂ. શ્રી માના વાત્સલ્યપાનની અભિલાષા જાગી. પૂ. શ્રી માના વાત્સલ્ય દર્શનમાંથી તેમને પણ પૂ. શ્રી માની બે વ્હાલભરી થાપટ ખાવાની ઇચ્છા થઇ, તેમાંથી આ પદનું સર્જન થયું.

કાવ્યનો મર્મ એવો છે કે પ્રભુ તો પોતાના ભક્તને પ્રેમ-રસપાન કરાવવા તત્પર હોય છે પરંતુ ભક્તમાં જન્માન્તરોથી પડેલા જડ સંસ્કારોથી તેનું મન જડતા અને પ્રમાદથી ઘેરાયેલું હોય છે. તેથી તે પ્રભુની કૃપાવર્ષાનું જલ ઝીલી શકતો નથી. વાદળી વરસે ત્યારે જ જો ચાતક ચાંચ ઊઘાડે તો તેને વર્ષાનું અમૃતપાન થાય. પરંતુ તે વખતે તે જો ચાંચ બંધ રાખે તો અમૃત-વાદળી દૂર ફંટાઇ જાય તો પછી અમૃતપાનની તક ચાલી જાય.



અહીં પણ માતૃવાત્સલ્યની વાદળી વરસી રહી હતી પરંતુ કવિને પોતાને એમ થાય છે કે મારી અમૃતપાન કરવાની લાયકાત ક્યાં છે? વર્ષાઋતુ ન હતી છતાં અત્યારે માગશરમાસે પણ માતૃ-વાત્સલ્યની વાદળી વરસી રહી હતી, છતાં પાત્ર કાણું હોવાથી પૂ. શ્રી માની વાત્સલ્યવર્ષા ઝીલી ન શક્યો?

કવિશ્રીને ખબર છે, પૂ. શ્રી માનું માહાત્મ્ય પણ જાણે છે કે પૂ. શ્રી મા પરમ પ્રેમસ્વરૂપ પરમશક્તિ સ્વયં છે. છતાં પ્રમાદ અને બેદરકારીને લીધે છતી આંખે આંધળા થયા છે. પૂ. શ્રી માના દર્શન સત્સંગનો યોગ હોવા છતાં, પૂ. શ્રી મા સામે જ સ્વર્ગા-રોહણમાં હોવા છતાં ટેબલપર પગ ઉપર પગ ચઢાવી બેઠા રહ્યા તેથી નયનની સામે જ હોવા છતાં કૃપાવર્ષા દૂર જ રહી જાય છે.

જીવનવાટે ચાલતાં ચાલતાં પરમપુરુષો ક્યારેક મળી જાય છે. એની ઓળખાણ પણ થઇ જાય છે છતાં કવિનો આતમરામ જાગતો નથી, તેનો તેને અફસોસ રહી જાય છે. પૂ. શ્રી મા યોગેશ્વરપ્રભુની બંસી બનીને ગાન કરી રહ્યાં છે તે કવિ સાંભળે પણ છે. પૂ. શ્રી માની છત્રછાયામાં જેઓ વિશ્રામ પામ્યા છે તેઓ પૂ. શ્રી માની મમતા પામીને ધન્ય બન્યા છે. પૂ. શ્રી માના એક સ્મિતમાત્રથી બાળભક્તોનાં દુઃખ દૂર થયાં છે છતાં કેવળ જડતાને લીધે મમતાની પ્યાસ અધૂરી રહી જાય છે. માની ગોદમાં જ માનાં સ્વપ્નાં જોઇ રહેલો શિશુ માને પામી શકતો નથી. કેવું દુર્ભાગ્ય? પછી આંસુવિના આંખમાંથી બીજું શું ટપકે?

છેલ્લે કવિ કહે છે કે મારાતારાના સ્વાર્થના જાળાંમાંથી બહાર નીકળી નિર્દોષ શિશુ જેવો બનીને માની ગોદમાં આશ્રય લઇ લઇએ તો તે તો સૈનું ભરણપોષણ કરી જ રહી છે. જો આ

પંચતત્ત્વના શરીરમાં પ્રભુનો પ્રેમ ન જાગે તો તે ખાલી હાડકાંનો માળો જ છે. મને જ ઊભા કરેલા દુનિયાદારીના ભૂતોના ધુમ્મસથી મન ઘેરાઇ ગયું છે. છતાં કવિને આશા છે, અને આંખમાં આંસુ સાથે પ્રાર્થના કરે છે કે હે કરુણાનિધાન મા, તારી કરુણાવિના ઉદ્ધાર શક્ય નથી. માટે કરુણા કરીને ઉગારજે.)

(કલ્યાણ)

## * મીન–પિયાસી *

માની બે થાપટનો પ્યાસી,
જનમ જનમનો જડ ઉદાસી.
ચાતક ચકવે ચાંચ સંતાડી,
અમી વાદળી દૂર ફંટાણી. માની૦

માગસર માસે વાદળી વરસી,
સ્વર્ગે ચંદન વર્ષા સરજી.
અપાત્ર, અબુધની ખોબલી કાણી,
ચંદન વર્ષા દૂર ફંટાણી. માની૦

માની દરબાર ઓર અનેરો,
પ્રેમ પ્રેમ ને પ્રેમનો ડેરો.
રતાંધળાંને આંખે છારી,
નયન વાદળી દૂર ફંટાણી. માની૦

યોગેશ્વરનું બંસી ગુંજન,
માની મમતા, સ્મિત દુઃખભંજન.
માની ગોદમાં શિશુ શમણે,
મા મા શોધે આંસુ ટપકે. માની૦



શૈશવ ઉરની મા તુ ધાત્રી,
મુજ તુજની ત્યાગો ભ્રાંતિ.
પંચતત્ત્વની ખાલી ખોલી,
મનભૂતોની ધૂંવા વાળી. માની૦

ઊંબરે ઊભો નયન વહાવી,
કરુણા કર, મા કરુણાવાળી. માની૦

O

જો આપણે એ વાતનો સ્વીકાર કરી લઇએ કે કર્મનું ફળ અવશ્ય મળે જ છે તો પછી તે ના મળે ત્યાંસુધી બીજા જન્મોમાં તેનો હિસાબ ચાલુ રહે તે વાતનો સ્વીકાર કરવો જ જોઇએ. એથી કર્મ કરવામાં દરેકે ખૂબ જાગૃત રહેવું જોઇએ.

યોગેશ્વરજી

ઘ. : ૪૬૩૪૩૧ ઓ. : ૩૬૨૪૩૭
: ૪૮૦૪૨૮ : ૩૬૦૩૭૬

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ

૧/W, ભક્તિનગર ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, રાજકોટ–૩૬૦૦૦૨

# મુંડક ઉપનિષદ્

યોગેશ્વરજી

## (૧) શરૂઆત

ભારતવર્ષના એ મહાન ઋષિવરોને જેટલા પણ નમસ્કાર કરીએ એટલા ઓછા છે. એમનો જેટલો આભાર માનીએ એટલો ખરેખર ઓછો છે. પરમાત્માની નિષ્ઠા કેળવીને આત્મજ્ઞાનનો અમૂલખ ભંડાર તેમણે હાથ કર્યો છે ને દેશ તેમ જ કાળ ને રૂપરંગના કોઇ પણ જાતના ભેદભાવવિના સમસ્ત સંસારને માટે ખુલ્લો મૂક્યો છે. વિશાળ વ્યોમ ને પાવન પૃથ્વી જેમ જીવમાત્રને માટે છે; પવન, પાણી ને પ્રકાશ પર જેમ સૌનો અધિકાર છે; તેમ તેમણે મૂકેલો એ જ્ઞાનવારસો જે લાભ લેવા માગે તે સૌને માટે છે. અંતરના ઊંડાણમાં ડૂબકી મારીને તેમણે જે અનુભવો મેળવ્યા છે તે આજે પણ આપણે માટે સુલભ છે. બુદ્ધિશાળી લોકોને આજે પણ તે ચકિત કરે એટલા તે ગહન છે. હજારો લોકો આજે પણ તેમાંથી શક્તિ મેળવે છે, એવા મહાન ને મંગલકારક જ્ઞાનદાતા પુરુષોને વંદન કરવામાં આપણી પણ શોભા છે.

તેમના જ્ઞાનપ્રકાશના પ્રતીકજેવું એક બીજું ઉપનિષદ્ હવે શરૂ થાય છે. તેનું નામ મુંડક ઉપનિષદ્ છે. વિદ્વાનો ને વિચારકોમાં તે ઉપનિષદ્ અત્યંત આદરણીય ને મહત્ત્વનું મનાય છે. આરંભમાં જ કહેવામાં આવે છે કે સંસારને ઉત્પન્ન કરનાર ને સંભાળનાર બ્રહ્મા દેવોની પહેલાં પ્રકટ થયા. તેમણે સૌ વિદ્યાના મૂળાધાર



જેવી બ્રહ્મવિદ્યા પોતાના મોટા પુત્ર અથર્વાને શીખવી. અથર્વાએ તે વિદ્યા અંગિરાને કહી. તેમણે ભારદ્વાજ–સત્યવહને કહી, ને તેમણે વળી પરંપરાગત પ્રાપ્ત થયેલી એ વિદ્યા બીજા અંગિરા ઋષિને આપી. તે અંગિરા ઋષિની પાસે એક વાર મહાગૃહસ્થ શૌનક જિજ્ઞાસાવૃત્તિથી વિધિપૂર્વક ગયા.

ઉપનિષદ્‌ની આ વાતમાં ઉપરથી દેખાય છે તેના કરતાં ઘણો ઊંડો સાર સમાયેલો છે. શૌનક ગૃહસ્થાશ્રમી હતા. છતાં તેમને આત્મજ્ઞાનની અભીપ્સા હતી તેથી જિજ્ઞાસુ બનીને તદ્દન નમ્રભાવે તે અંગિરા ઋષિની પાસે ગયા. તેના પરથી જાણવા મળે છે કે પહેલાના સંસારી માણસો પ્રભુમય જીવન જીવવાની ને જ્ઞાન મેળવવાની ઇચ્છા રાખતા. તેમાંના કેટલાક મોટા પંડિતો પણ હતા. યાજ્ઞવલ્ક્યનું ઉદાહરણ એવું જ છે. ઋષિઓ પણ મોટે ભાગે ગૃહસ્થાશ્રમી જીવન જીવતા ને જ્ઞાન તથા તપનું અવલંબન કરતા. સાંસારિક જીવન ઈશ્વરપ્રાપ્તિ કે જ્ઞાનોપાર્જન માટે બાધક નહિ પણ સાધક મનાતું. કેટલાક લોકો દલીલ કરે છે ને માને છે કે સાંસારિક જીવન ને ઈશ્વર અથવા તત્ત્વજ્ઞાનનો માર્ગ જુદો જુદો છે ને તે બંનેનો મેળ કે સમન્વય કદી ન થઇ શકે. તેમના વિચાર વજૂદ વિનાના છે. સાધના, ઈશ્વરપ્રાપ્તિ કે જ્ઞાન કોઇ એવી વસ્તુ નથી જેના અનુભવ માટે જીવનના રોજિંદા સ્વરૂપથી છૂટાછેડા લેવા પડે, જંગલમાં જવું પડે, સૌની સાથે સંબંધવિચ્છેદ કરીને એકાંત ગુફા કે આશ્રમમાં કેદ થવું પડે ને જીવનને નીરસ કરવું પડે. કોઇ વાર કોઇ કારણથી કોઇ સાધકને તેવા જીવનની જરૂર પડે છે ખરી; જીવનનું એવું બાહ્ય પરિવર્તન કે સ્વરૂપ ને એકાંત કેટલીક વાર સાધનામાં જરૂરી ને સહાયક થઇ પડે છે તેની ના

નહિ. પરંતુ તે સાધન છે. એક વચગાળાની વ્યક્તિગત દશા છે; ને બધાએ તેનું અવલંબન લેવું જ પડશે એમ નથી. રુચિ ને વિકાસના ભેદપર કોણ કેવી પરિસ્થિતિમાં વિકાસ કરશે એનો આધાર રહે છે. એટલે એકાંતિક જીવન ને બાહ્ય ત્યાગને સાવ ઉડાવી દેવાની જરૂર નથી. પરંતુ માણસોનો મોટો ભાગ સાંસારિક છે, પ્રવૃત્તિપરાયણ જીવન જીવનારો છે, ને તેથી સાંસારિક જીવન ને પ્રવૃત્તિની વચ્ચે રહીને પણ આત્મોન્નતિ થઇ શકે એવી સાધના જ સર્વસાધારણની સાધના થઇ શકે; એવી કળામાં કુશળ થવાની જરૂર છે. ભારતીય સંસ્કૃતિ મુખ્યત્વે એવી સમન્વયની સાધના કે કળાપર જ ભાર મૂકે છે જેના પ્રભાવથી માણસ જ્યાં હોય ત્યાં રહીને, જે કરતો હોય તે કરતાં કરતાં, જીવનને વધારે પવિત્ર, આનંદમય ને પ્રભુમય બનાવી શકે; જીવનનો યથાર્થ આસ્વાદ અથવા અનુભવ લઇને એનાથી અલિપ્ત કે અનાસક્ત પણ રહી શકે. એ માટે જ સંતસમાગમ, તપ, વ્રત ને બીજાં સાધન છે, તે દ્વારા જીવનને યથાર્થરૂપે જીવવાની અથવા જીવન ઘડવાની જરૂરી શક્તિ મળી રહે છે. એટલે પ્રભુમય જીવનના પ્રારંભ માટે કોઇ ધન્ય ઘડી, પળ, ગ્રહ કે નક્ષત્રની રાહ જોવાની નથી. સાંસારિક જીવનને તેમાં બાધારૂપ માનવાની પણ જરૂર નથી. પોતાના જીવનને વધારે પ્રમાણમાં નિર્મળ, સદાચારી ને પ્રભુના પ્રેમથી પ્રકાશિત કરવાની સાધના માણસે બધા જ વાતાવરણમાં શ્વાસ લેતાં શરૂ કરવાની છે. ટૂંકમાં કહીએ તો જીવનને સાધનામય કરતાં શીખવાનું છે. નવી તકો, નવી પ્રેરણા ને નવી શક્તિ તેમાંથી પેદા કરવાની છે. (ક્રમશઃ)



આઝાદી, અખંડિતતા અને ગૌરવ માટે લડનાર
આ સપૂતોથી આજે ગુજરાત ઉજળું છે.

આઝાદી પર્વ નિમિત્તે સૌને હાર્દિક શુભેચ્છાઓ !



આપણું ગુજરાત, આગવું ગુજરાત.

માહિતી/૨૦૦૬

# શબરીની ઝૂંપડીએ શ્રીરામ

કલ્યાણ

પુસ્તક તારાં ફેંક બાજુએ,
તર્ક વિતર્ક શમાવી દે,
મનના ભ્રમને દૂર કરી દે,
વિચાર સર્વ મિટાવી દે,
વિચારની દુનિયામાં ભટકી,
રસ તેં અનુપમ ખોયો છે.
આંખ કરીને બંધ પીવાનો,
રસ તેં આ ના જોયો છે.
અરે! મજા આને પીવાની,
જીવનનો આ સાર ખરે,
જે ચૂકશે તે ખોશે અવસર,
પીશે તે કૃતકૃત્ય થશે.

પ્રભુના પ્રેમની અલૌકિક દુનિયા તર્કવિતર્ક અને પુસ્તકોથી પર છે. જેમણે પૂ. શ્રી માના સાન્નિધ્યે શ્રી કેસરબાઇના હૃદય-મંદિરની યાત્રા માણી છે તેમને ખરી યાત્રાનો મર્મ સમજાઇ ગયો હશે. પોથીઓના તર્કવિતર્કની પેલે પાર પ્રેમની કેવી અલૌકિક દુનિયા ધબકે છે, તેનું એ વિરલ દર્શન હતું. દુનિયાના રૂપ, રંગ અને રસોની પાછળ દોડતી આંખ પ્રભુના પ્રેમની વિરલ દુનિયાના દર્શન ક્યાંથી કરી શકે? દુનિયાના ચળકાટ પાછળ દોડતી આંખ જ્યારે બંધ થાય છે, ત્યારે જ તે આંખ સમક્ષ દિવ્યપ્રેમની અલૌકિક દુનિયા પ્રગટ થઇ જાય છે. જેઓ જગતના ચળકાટથી



અંજાવાને બદલે પ્રભુના પ્રેમની મસ્તી માણી શકશે. શ્રીપ્રભુ કહે છે આ પ્રેમરસ પીવાની મજા કંઇ ઓર છે. એ પ્રેમરસપાન જ જીવનનું સારસર્વસ્વ છે.

પ્રભુને ભક્તોનો પ્રેમરસ પીવાની તૃષા હોય છે. જે ભક્ત આ પ્રેમરસની પરબ માંડીને બેઠા હોય, ત્યાં પ્રભુ એ પ્રેમરસ પીવા દોડી જાય છે. પૂ. શ્રી મા શ્રી કેસરબાઇની પરબે કેવાં તૃષાતુર થઇને દોડી ગયાં અને પ્રેમરસ પીવાની મજા ભક્તો સાથે કેવી માણી, તેનો લ્હાવો આપણે અહીં લૂંટવાના છીએ. શબરી જાણે કેસરબાઇના સ્વરૂપમાં ફરીથી પ્રગટ થઇને, પ્રેમભક્તિનું અલૌકિક દર્શન કરાવી રહ્યાં છે.

શ્રી કેસરબાઇ એટલે તર્કવિતર્કના જાળાં અને પોથીઓના કુંડાળા બહારનું પ્રેમ અને ભક્તિનું નિર્મલ સ્વરૂપ! નીતિ અને પ્રામાણિકતાથી, જાતમહેનતથી ખેતીનો વ્યવસાય કરતાં કરતાં શ્રી હરિસ્મરણ સતત કરતાં રહેવું તે જ તેમની શ્રી હરિને રીઝવવાની રીત!

શ્રી કેસરબાઇનો જન્મ ખેતીનો વ્યવસાય કરતાં તદ્દન સાધારણ સ્થિતિનાં પણ કુળવાન બ્રાહ્મણ કુટુંબમાં થયેલો. તેમના માતાપિતા નાની ઉંમરમાં જ ગુજરી ગયેલાં. મજૂરી કરીને જીવનનિર્વાહ ચલાવતાં હોવા છતાં, તેમના અધ્યાત્મ સંસ્કારો ખૂબ જ ઊંચા હતા. શ્રી કેસરબાઇનો સ્વભાવ જન્મથી જ શાંત અને નિખાલસ હતો. તેમને કોઇ ગ્રામ્યકથામાં કે કોઇની ટીકા, નિંદા કે કુથલીમાં રસ જ નહિ. એટલું જ નહિ પરંતુ બીજા તેમના તરફ પક્ષપાતભર્યું વલણ રાખે, કે તેમના માટે રાગદ્વેષથી પ્રેરાઇને ગમે તેવું બોલે તોપણ, તેઓ શાંત જ રહે. ઈર્ષાભાવ કે વેરભાવ તેમના સ્વભાવમાં જ નહિ. કૌટુંબિક જીવનમાં પતિનો સ્વભાવ ઉગ્ર

હોવા છતાં શાંતચિત્તે બધું સહી લેતાં. કોઇ ફરિયાદ જ નહિ. વિપરિત સંજોગોમાં પણ હરિભજન કર્યા કરવું, તે તેમનો સહજ સ્વભાવ. આવાં સરલ હૃદયી ભક્તનું ભગવાન ધ્યાન ન રાખે તો જ નવાઇ લાગે!

ઉગતી યુવાનીમાં જ્યારે શ્રી કેસરભાઇ પોતાની મોટીબેન સાથે ખેતરમાં કોદાળીથી કામ કરતાં હતાં, ત્યારે શરતચૂકથી પાસે જ કામ કરતા મોટીબેનના મસ્તકમાં કોદાળી વાગી ગઇ! પોતાના-થી ઇજા થઇ છે તેથી ઘરના લોકો ગુસ્સે થશે, એવા ડરથી તેઓ ઘેર જવાને બદલે એક મોટા આકડાની પાછળ સંતાઇને બેસી ગયાં. મોટીબેનને આસપાસના લોકોએ ઘેર પહોંચાડયાં. આકડા નીચે બેઠાં બેઠાં ઊંઘ આવી ગઇ. સાંજનો સમય થવા આવ્યો ત્યારે એક સાધુ આવ્યા અને તેમને જગાડીને ઘેર રવાના કરતાં કહ્યું કે, 'ઘેર તમને કોઇ નહિ વઢે.' તેઓ ઘેર જવા રવાના થયાં એટલે તેમને થયું કે સાધુ પણ સાથે જ આવશે, પણ જોયું તો ત્યાં સાધુ ન હતા. શ્રી કેસરબાઇને ખાતરી થઇ કે ભગવાને જ તેમને જગાડીને સમયસર ઘેર મોકલ્યાં. આ પ્રસંગથી તેમને ખાતરી થઇ સંકટ સમયમાં પ્રભુ મદદ કરે જ છે. આ રીતે તેમની શ્રદ્ધાભક્તિ પ્રબળ બની ગઇ.

૧૯૮૧ માં જ્યારે પૂ. શ્રી મા અને શ્રી યોગેશ્વરપ્રભુ નંદુભાઇ ચાવાળાને ત્યાં ઉતરેલા હતા ત્યારે તેમની મોટીબેનના દીકરા શ્રી વિજયભાઇ તેમને પૂ. શ્રી મા અને શ્રી પ્રભુના દર્શન કરવા લઇ ગયેલા. ત્યારે પૂ. શ્રી માએ કહેલું કે આવા જીવોને લાવતા રહેજો. પૂ. શ્રી માના આ શબ્દો તેમની અધ્યાત્મ ભૂમિકાની યોગ્યતા પૂરવાર કરે છે. ત્યારથી પ્રસંગોપાત્ પૂ. શ્રી મા પાસે સત્સંગમાં આવતાં થયાં અને તેમના અંતરમાં પૂ. શ્રી મા પ્રત્યે ભક્તિભાવની ભરતી ચડતી રહી.



એક વખત પૂ. શ્રી મા સ્વર્ગારોહણમાં બિરાજતાં હતાં, ત્યારે શ્રી કેસરબાઇને સમાચાર મળ્યા એટલે તેમને પૂ. શ્રી માનાં દર્શન કરવાની ઇચ્છા થઇ. પરંતુ એ વખતે તેમને સખત તાવ હતો. એથી તેમના પુત્ર શ્રી મેઘરાજજીભાઇએ કહ્યું કે તબિયત સારી થઇ જાય પછી જજો, પરંતુ તેમણે તો હઠ જ પકડી કે મારે તો અત્યારે જ દર્શન કરવા જવું છે. ન છૂટકે છોકરાઓ તેમને ખાટલામાં ઊંચકીને બસસ્ટેન્ડસુધી લઇ આવ્યા. અને ત્યાંથી બસમાં બેસી રાત્રે ૧૨ વાગ્યે સ્વર્ગારોહણ પહોંચ્યાં. એ વખતે પૂ. શ્રી મા સાંજના સત્સંગનો કાર્યક્રમ પૂર્ણ કરી પોતાના આવાસમાં કાર્યમાં ગુંથાયેલાં હતાં. સૌએ કહ્યું કે હવે પૂ. શ્રી માનાં દર્શન સવારે થશે. શ્રી કેસરબાઇ દર્શનની તીવ્ર ઇચ્છાને રોકી શક્યાં નહીં. તેમણે કહ્યું, 'મારે તો અત્યારે જ દર્શન કરવાં છે' છોકરા-ઓ લાચાર હતા. ભગવાનના દ્વાર બંધ હતાં અને ભક્ત બારણે દર્શન માટે તલસતો હતો. છેવટે શ્રી કેસરબાઇની દર્શનની પ્રબળ ઇચ્છાનો વિજય થયો. પૂ. શ્રી માએ તેમનાં અંતરનો પ્રેમપોકાર સાંભળ્યો અને સામેથી પૂ. શ્રી મા બારણા ખોલી બહાર આવ્યાં. પૂ. શ્રી માના દર્શન થતાં શ્રી કેસરબાઇ ભાવવિભોર બનીને પૂ. શ્રી માના શ્રી ચરણોમાં આળોટી પડયાં. પૂ. શ્રી માએ વરદહસ્તથી તેમની પીઠને થપથપાવી અને વાત્સલ્યવર્ષાથી તેમના વિરહી અંતરને શાંતિ આપી. એ સાથે જ પૂ. શ્રી માની કૃપાથી તેમના શરીરનો તાવ પણ ચાલ્યો ગયો. તનમન સ્વસ્થ થઇ ગયાં. ભગ-વાન અને ભક્તનું એ મિલન રામ અને શબરીની પ્રેમવિભોર મિલનની ઘડીની યાદ અપાવી ગયું. બાળકો પણ એ પ્રેમદર્શન માણીને ધન્ય થઇ ગયાં.

ભગવાન ભક્તના પ્રેમને આધીન હોય છે. તેમ શ્રી કેસર-બાઇની અંતરની ખરી ભક્તિથી પ્રસન્ન થઇ પૂ. શ્રી મા તેમને

એકવખત હરિદ્વાર ગંગાસ્નાન માટે પણ લઇ ગયાં.

પૂ. શ્રી માના દર્શન અને સ્મરણ સાથે શ્રી કેસરબાઇની જીવનયાત્રા ચાલી રહી હતી. તેમાં અચાનક તેમને ગંભીર માંદગી આવી ગઇ. માંદગી દરમ્યાન એક રાત્રે તેમને સ્વપ્નદર્શન થયું કે યમના દૂતો તેમને લેવા આવ્યા અને કહેવા લાગ્યા કે ચાલો અમે તમને લેવા આવ્યા છીએ. જલ્દી તૈયાર થઇ જાઓ. અમારે ગામમાં બીજી બે જગ્યાએ પણ જવાનું છે. કેસરબાઇને ડર લાગ્યો. છતાં તેમણે કહ્યું કે માના દર્શન કર્યાવિના હું ના આવું, એટલામાં પૂ. શ્રી મા સિંહપર સવારી સાથે પ્રગટ થયાં. પૂ. શ્રી મા પ્રગટ થતાં યમના દૂતો અદૃશ્ય થઇ ગયા! પૂ. શ્રી માના દર્શન પામીને તેઓ આનંદવિભોર થઇ ગયાં. માંદગી ચાલી ગઇ અને પાછાં સ્વસ્થ થઇ ગયાં. પૂ. શ્રી માએ કૃપા કરીને નવું જીવન આપ્યું. નહિંતર તેમના જીવનની એ અંતિમ ઘડી જ હતી. કારણ કે યમના દૂતોએ કહ્યું તે પ્રમાણે ગામમાં તે જ દિવસે બે મરણ થયાં હતાં અને શ્રી કેસરબાઇ પૂ. શ્રી માની કૃપાથી નવું જીવન પામ્યાં. આજે ૯૦ વર્ષે પણ પૂ. શ્રી માનું સ્મરણ કરતાં કરતાં સ્વસ્થપણે ભક્તિમય જીવન પસાર કરી રહ્યાં છે.

ભગવાન કેવળ ભક્તના પ્રેમના જ ભૂખ્યા છે, તે પરમસત્ય છે તે હકીકત આપણે શ્રી કેસરબાઇના જીવન ઉપરથી સમજી શકીએ છીએ. શ્રી કેસરબાઇ પાસે પ્રભુપ્રેમની મૂડી સિવાય બીજી કોઇ મૂડી ન હતી! તેઓ તદ્દન અભણ છે, મજૂરી જેવો ખેતીનો વ્યવસાય જીવનભર કર્યો. તદ્દન સીધાં, સાદાં, સરળ! કશી જ બાહ્ય પ્રતિભા નહિ. શ્રી કેસરબાઇને ગુજરાતીભાષા પણ ન આવડે અને પૂ. શ્રી માને તેમની લોકબોલી ન આવડે. પૂ. શ્રી મા સાથે પ્રત્યક્ષ સીધી વાતચીત પણ ન થઇ શકે. બસ, એક માત્ર પ્રેમની જ ભાષા અને એક માત્ર પ્રેમનો જ સંબંધ.



આ પ્રેમના સંબંધે જ પૂ. શ્રી મા છેલ્લા બે વર્ષથી તેમને મળવા કુંડી ગામ જવા આતુર હતાં. તે તારીખ ૨૭–૭–૦૨ ના રોજ ત્રણ બસો લઇને લગભગ ૧૫૦ ભક્તો સાથે પૂ. શ્રી મા સામેથી કુંડી ગામે પોતાના ભક્ત બાળકો શ્રી કેસરબાઇ, તેમના પુત્ર શ્રી મેઘરાજજીભાઇ અને તેમનાં ધર્મપત્ની શ્રીપ્રેમીબેનને મળવા પધાર્યાં. બસમાં સતત નામસંકીર્તન કરતાં બપોરના એક વાગ્યે જ્યારે કુંડી ગામ પધાર્યાં ત્યારે આખું કુંડી ગામ પૂ. શ્રી માના દર્શને ઉમટ્યું હતું. ઢોલના તાલે નાચતા ગ્રામજનોએ પૂ. શ્રી માનું ભારે ઉમળકાભેર સ્વાગત કર્યું. સ્વાગતસભા કુંડી ગામની પ્રાથમિક સ્કૂલમાં રાખવામાં આવી હતી. પૂ. શ્રી મા સ્કૂલ-માં પધાર્યાં ત્યારે શાળાની બાળાઓએ પૂ. શ્રી માને કુમકુમ તિલક કરી ફૂલડે વધાવી પૂ. શ્રી માનું ઉમળકાભેર સ્વાગત કર્યું. સૌ ગ્રામજનોમાં પૂ. શ્રી માના દર્શનનો આનંદ ઉભરાતો હતો. જય જયકારથી સ્કૂલનું મેદાન ગૂંજી ઊઠયું. પૂ. શ્રી મા સૌનું અભિ-વાદન ઝીલતાં સ્ટેજપર બિરાજ્યાં. શાળાના આચાર્યશ્રી વિરમાજી પૂ. શ્રી માના ભક્ત છે. પૂ. શ્રી મા સ્કૂલના આંગણે પધાર્યાં તેથી તેમનું આખું અસ્તિત્વ આનંદથી ધબકતું હતું, અંતરનો આનંદ એમના ભાવવાહી ચહેરાપર ફૂટી નીકળ્યો હતો. આંખમાં હર્ષાશ્રુઓ છલકાતાં હતાં. વાણી પૂ. શ્રી માના ગુણાનુવાદ ગાવા ઉત્સુક હતી; પરંતુ દર્શનમાં ખોવાયેલું ચિત્ત વાણી માટે શબ્દો શોધી શકતું ન હતું. તેમણે પૂ. શ્રી માના શ્રી ચરણોમાં પ્રણામ કરી ભારે વિનયથી સ્વાગત કરતાં કહ્યું, 'છેલ્લા બે વર્ષથી પૂ. માના દર્શનની ઝંખના હતી, તે આજે પૂર્ણ થઇ છે. પૂ. શ્રી માનાં પ્રત્યક્ષ દર્શન કરીને અમે સૌ ધન્ય બન્યા છીએ. કુંડી ગામનું ધન્યભાગ્ય કહેવાય કે પૂ. શ્રી મા જેવા સંતપુરુષના દર્શન થયાં. આજે મારા માટેતો

જીવનનો યાદગાર દિવસ છે. શ્રી સાધકરામ તથા શ્રી રેવાશંકર-ભાઈએ પોતાના વાર્તાલાપમાં પૂ. શ્રી માના ગુણાનુવાદ ગાયા અને ગ્રામલોકોને અનુરોધ કર્યો કે પૂ. શ્રી મા અહીં પધાર્યાં છે તો તેની યાદમાં વ્યસનો છોડજો, નવા નિયમો લેજો અને પરસ્પરના રાગદ્વેષ છોડી સંપીને રહેજો. આજે જેવો ઉત્સવ છે એવો ઉત્સવ બધા સાથે મળીને ઉજવતા રહેજો. પૂ. શ્રી માના સંપર્કમાં રહેવા પ્રયત્ન કરતા રહેજો. સ્વર્ગારોહણ આવતા રહેજો. સ્કૂલની બાળા-ઓએ સ્વાગતગીત અભિનય સાથે ગાઈને પૂ. શ્રી માનું અભિ-વાદન કર્યું. એકાદ કલાકના સ્વાગત અભિવાદન બાદ, પૂ. શ્રી મા ભક્તો સાથે શ્રી મેઘરાજજીભાઈના કૂવાપરના નિવાસસ્થાન આવવા નીકળ્યાં. અહીં પણ ગામ અને બહારગામથી આવેલા લોકોથી રસ્તાઓ ઊભરાતા હતા. લોકો સવારના નવ વાગ્યાથી દર્શન માટે ઉમટ્યાં હતાં પૂ. શ્રી મા છેક બે વાગ્યે પધાર્યાં છતાં સૌનો દર્શનનો એવો તલસાટ હતો કે બે વાગ્યાસુધી ધીરજપૂર્વક પ્રતીક્ષા કરતા રહ્યા.

જેવાં પૂ. શ્રી મા પધાર્યાં ત્યાં તો જાણે આનંદની હેલી ચઢી. સૌ પૂ. શ્રી માની મોટરને દર્શન માટે ઘેરી વળ્યા. અને સૌ નાચતાં નાચતાં ગીત ગાવા લાગ્યા,

યોગેશ્વર પિતા મોરે સર્વેશ્વરી માતા.

આજે દિવ્ય માતાપિતા પધાર્યાં હતાં તો બાળકોના આનંદનો પાર ન હતો. અહીં કોઈ પ્રવચનો ન હતાં, વેદાંતના વાર્તાલાપો ન હતા, જ્ઞાનગોષ્ઠિઓ ન હતી, ન હતા અષ્ટાંગયોગનાં અર્થઘટનો કે ન હતા કોઈ વિધિવિધાનો કે ન હતા મુક્તિના પુકારો. અહીં હતા માત્ર એક જ દેવ અને એક જ શાસ્ત્ર,



યોગેશ્વર પિતા મોરે, સર્વેશ્વરી માતા.

પરમ દર્શને નાચવું ને ગાવું એ એક જ વિધિ હતી. એક પ્રભુપ્રેમનો ઉમંગ હતો. દરેકના હૈયામાં પ્રેમ સમાતો ન હતો, એટલે તો તે નૃત્યમાં વ્યક્ત થતો હતો. પૂ. શ્રી મા દરેકના હૈયામાં પ્રભુપ્રેમ જગાડે છે અને પછી તે ભક્ત પ્રેમગીત ગાતો ગાતો પ્રભુને પ્રસન્ન કરી લે છે. પ્રભુ એક પદમાં લખે છેઃ—

પૂરણ એક પ્રેમયોગ છે, યોગ બીજા અસાર,
ભગવાન એક ભાવથી મળે, વાત થાય ને રસાળ.
પ્રેમવિના પ્રભુજી મળે નહીં.

અહીં દૂર દૂર લાંબા રસ્તાઓપર બસ પ્રેમનું જ સામ્રાજ્ય છવાયેલું છે. જ્યાં જુઓ ત્યાં બસ સૌ નાચતા, કૂદતા, ગાન કરે છે. 'યોગેશ્વર પિતા મોરે સર્વેશ્વરી માતા.' સૌ લોકો પૂ. માના દર્શન અને ગાનમાં ગુલતાન થઈ ગયા છે. મોતીભરેલી ઇંઢોણીઓ-પર સ્વાગત કળશ મૂકીને બાળાઓ ઝૂમતી ગાઈ રહી છે, 'યોગે-શ્વર પિતા મોરે સર્વેશ્વરી માતા' બાળકો ગાઈ રહ્યાં છે 'યોગેશ્વર પિતા મોરે સર્વેશ્વરી માતા' યુવાનો ગાઈ રહ્યા છે 'યોગેશ્વર પિતા મોરે સર્વેશ્વરી માતા' અહીંયાં કોઈ વૃદ્ધ જ નથી, અને જો કોઈ હોય તો તે પણ આજે યુવાન બની ગયા છે. કારણ કે સૌ નર્તન કરતાં કરતાં સંકીર્તન કરી રહ્યા છે. ગામઠી પોષાકોમાં શોભતી બહેનોનો રંગ તો વળી ઓર જ છે. અહીં બહેનોના પહાડી કંઠમાં ભજન પણ એક જ છે, ગીત પણ એક જ છે, રાસ પણ એક જ છે, ગરબા પણ એક જ છે અને તે છે, યોગેશ્વર પિતા મોરે સર્વેશ્વરી માતા. અહીં કોઈને સમયનું ભાન નથી, સ્થળનું ભાન નથી, શરીરનું પણ ભાન નથી, ભૂખતરસ પણ ભૂલાયાં છે. પૂ. શ્રી માના દર્શને અંદરથી પ્રકટેલા આનંદમાં સૌ ગુલતાન છે. સૌ રસ્તે નાચતાં કૂદતાં કૂવાપર પહોંચ્યા તો ત્યાં પણ એ જ

નર્તન ને એ જ ગાન, 'યોગેશ્વર પિતા મોરે સર્વેશ્વરી માતા' અહીં આજ કાર્યક્રમ સહજ બની ગયો, બસ નર્તન અને ગાન! રસ્તા-માં પણ એ જ ગાન અને પૂ. શ્રી માના ઉતારાપર પહોંચ્યા તો ત્યાંપણ કલાકોસુધી એક જ કાર્યક્રમ, માતૃદર્શને નર્તન અને ગાન!

સ્વર્ગારોહણથી નીકળ્યાં ત્યારે એમ લાગતું હતું કે ત્યાં સત્સંગ પ્રવચન કે વાર્તાલાપો થશે, પરંતુ અહીં જોયું તો સત્સંગ એક માત્ર માતૃદર્શનનો, પ્રવચન એક માત્ર, 'યોગેશ્વરપિતા મોરે સર્વેશ્વરી માતા' અને વાર્તાલાપો હતા પ્રેમવિભોર થઇને નાચવાના. આમેય પૂ. શ્રી માની સત્સંગ સભાઓમાં પૂ. શ્રી માની આજ્ઞા તે જ કાર્યક્રમ બની જાય છે. વળી માતૃદર્શને ચાલતા નર્તન અને ગાનનો કોઇ આરો કે ઓવારો ન હતો, ચાલ્યા જ કરતો હતો. આ ગાન અને નર્તનની સમાધિમાંથી સૌને જગાડવા પડયા. પૂ. શ્રી માએ આજ્ઞા આપી ત્યારે સૌ જમવા ગયા. આજે અહીં કોઇ ગણતરી જ ન હતી. કેટલા માણસોની રસોઇ બનાવવી ને કેટલાને આમંત્રણ આપવું! પૂ. શ્રી મા પણ ત્રણ બસો લઇને નાનકડા ખોબા જેવડા ઘરને આંગણે ઉમટી પડયાં હતાં! દર્શન રસિયાઓ સહજ દૂરથી અને ગામમાંથી પહોંચી ગયા હતા. શ્રી મેઘરાજજીભાઇએ સૌને પ્રસાદ લઇને જ જવાનું પ્રેમભર્યો આગ્રહ કર્યો. જે રસોઇ બની હતી તે હાજર સૌ હતા તેને જમવાની હતી. પ્રેમનું ભોજન પ્રેમથી પેટ ભરીને જમવાનું હતું. સૌ પેટભરીને પ્રેમથી જમ્યા, જેમ દર્શનથી તૃપ્ત થયા તેમ ભોજનથી પણ તૃપ્ત થયા. પૂ. શ્રી માની કૃપાથી સૌએ ભજન અને ભોજનની પરમ તૃપ્તિ અનુભવી. ક્યાંય કશી ખોટ ન રહી એટલું જ નહિ, પરંતુ વળતાં શીરાના પ્રસાદનું ભાથું પણ બાંધી આપ્યું જે સૌ બાળકોએ સાંજે પણ લીધું. પૂ. માની અમીદૃષ્ટિથી બધું જ અમૃતમય બની ગયું.



સૌ જમવા બેઠા એ દરમ્યાન પૂ. શ્રી માએ નવા બનાવેલા મંદિરમાં સ્વરૂપોની પ્રાણપ્રતિષ્ઠા કરી. જમ્યા પછી વળી એ જ નર્તન અને ગાનનો કાર્યક્રમ સહજ જ ચાલુ થઇ ગયો. પૂ. શ્રી મા બહાર બિરાજ્યાં અને બાળકો અને ગ્રામજનોએ એ જ નર્તનગાન શરૂ કરી દીધા! આજે કોઇ પણ દર્શનથી ધરાતાં ન હતા અને નર્તનથી થાકતા ન હતા! જાણે સ્વયંભૂ પ્રેમનું રાજ્ય પ્રગટી ગયું હતું. સ્વર્ગારોહણના બાળકો માથે ગામઠી પાઘડીઓ પહેરીને નાચ્યાં, બહેનોએ ઝૂમીઝૂમીને ગરબાઓ લીધા. અહીં દેશ અને વિદેશ, ગામડું અને શહેર પ્રેમના સૂત્રે બંધાઇને પ્રેમમય બની ગયાં હતાં!

વિદેશના બાળકોને અહીં ઓર જ મજા પડી ગઇ! આવું ગ્રામ્ય દર્શન, ખુલ્લી હવા, ખુલ્લાં ખેતરો, ખુલ્લું પ્રેમદર્શન, ખુલ્લાં મા. આ બધું જોઇને તેમનું અંતર ખીલી ઊઠયું! અહીં વિદેશના બાળકોને એક ઓર મજા પડી ગઇ અને તે હતી ઊંટની સવારી. બધાંએ ઊંટપર બેસીને મુક્તપણે વિહાર કર્યો. કુંડીયાત્રા જીવનની યાદગાર યાત્રા બની ગઇ!

શ્રીમેઘરાજજીભાઇએ પૂ. શ્રી મા માટે ખાસ નવું નિવાસ-સ્થાન બનાવ્યું હતું. નવા નિવાસસ્થાનમાં પૂ. શ્રી માએ પગલાં કર્યાં, થોડીવાર વિશ્રામ કર્યો તેથી તેઓ કૃતાર્થ થઇ ગયા!

હવે તો સંધ્યાના રંગો આકાશમાં પૂરાઇ ગયા હતા, છતાં એ એક જ નર્તન ને ગાન ચાલું હતું.

યોગેશ્વર પિતા મોરે સર્વેશ્વરી માતા!

સૌ હજુ પણ પૂ. શ્રી માના શ્રી ચરણોમાં નર્તન કરી રહ્યા હતા. શ્રી કેસરબાઇ, શ્રી મેઘરાજજીભાઇ, શ્રી પ્રેમીબેન તથા સૌ

બાળકોને પૂ. શ્રી માના શ્રી ચરણોમાં પ્રણામ નૃત્ય કરતાં જોવાં તે પણ એક લ્હાવો હતો. આવી પ્રેમયાત્રાની પૂર્ણાહુતિ કરવાનું મન તો કેમ થાય?

જેમના પ્રેમને વશ થઇને દૂર દૂર જંગલમાં આવેલી નાનીશી ઝૂંપડીએ પૂ. શ્રી મા દોડી આવ્યાં તે શ્રી કેસરભાઇ, તેમના પુત્ર શ્રી મેઘરાજજીભાઇ અને પુત્રવધૂ શ્રી પ્રેમીબેનને અભિનંદન સાથે ભાવપૂર્વક વંદન કરી ધન્યતા અનુભવાય તે સ્વાભાવિક છે. પૂ. શ્રી માના પ્રેમસાગર અને તેમની ભાવસરિતાના સંગમમાં સ્નાન કરીને સૌ યાત્રિકો કૃતાર્થ થયા. સૌ યાત્રિકોની જીવનયાત્રા પ્રભુપ્રેમથી ખરેખર સમૃદ્ધ થઇ ગઇ!

વિદૂરજી અને શબરીની ઝૂંપડીએ પ્રભુ પ્રેમવશ થઇને પધાર્યા તે પવિત્રકથાના ઇતિહાસનું એક નવું પ્રકરણ આજે આલેખાઇ ગયું. કેસરબાઇની જેમ કોઇક દિવસ આપણી ઝૂંપડીએ પણ પૂ. શ્રી મા પધારે તેવી પરમપ્રેમની પાત્રતા હે મા, અમને પણ આપજો, તેવી પ્રાર્થના શ્રી ચરણે કરીએ છીએ.

ધૂલિ તમારા પદની પામી, અંગે અંગે રહુ લગાવી,
આજ આશ અમથી—મારે દ્વારે આવોજી.
પ્રેમ કરી પ્રભુજી.



# રસેશ્વરી

(ગતાંકથી ચાલુ) શ્રીયોગેશ્વરજી

વસુદેવ સ્વભાવથી જ સત્યપ્રિય ને ન્યાયનીતિનિષ્ઠ હોવાથી કંસના આતંકમાંથી મુક્તિ મેળવવા માટે પ્રજાએ એમને હૃદયપૂર્વકનો સાથ આપ્યો.

કંસ દૂરંદેશી હોવાથી પરિસ્થિતિના રહસ્યને સમજી ગયો છતાં પણ નાહિંમત બન્યો કે ડર્યો નહિ.

પોતાના પરાક્રમ અને પોતાની સૈનિકશક્તિમાં વિશ્વાસ હોવા છતાં એણે પ્રજાના વિરોધના કેન્દ્રબળ જેવા વસુદેવને ગમે તેમ કરીને પણ વશ કરવાનો, પોતાના બનાવવાનો, અને એવી રીતે પ્રજાની પરિપૂર્ણ, પ્રખર, સંયુક્ત, પ્રતિકારશક્તિને તોડી પાડવાનો સંકલ્પ કર્યો.

એ સંકલ્પની પૂર્તિરૂપે એણે પોતાની બેન દેવકીનું લગ્ન વસુદેવ સાથે કરવાનો નિર્ણય કર્યો.

સલાહકારો તેમ જ મંત્રીઓને એની યોજના ગમી ગઇ.

એમણે પ્રજાના તેમ જ રાજ્યના વિશાળ હિતનો વિચાર કરીને એને અનુમતિ આપી.

દેવકી વસુદેવની યોગ્યતાથી મુગ્ધ થઇને એમને પહેલેથી જ માયાળુ નજરે જોતી'તી.

વસુદેવ સાથેના પાણિગ્રહણનો કંસે કરેલો પ્રસ્તાવ સાંભળીને એની પ્રસન્નતાનો પાર ના રહ્યો.

એના અંતરમાં આશંકા એક જ પ્રકટી કે વસુદેવ એ પ્રસ્તાવને માન્ય રાખશે ખરા? કંસે પોતાના કુકર્મથી પોતાની ને પોતાના કુળની પ્રતિષ્ઠા ધૂળમાં મેળવી છે!

કંસને પોતાને પણ એ જ આશંકા હતી. છતાં પણ એ નિરાશ થાય એવો ન હતો.

એ ધારેલું કરવામાં કુશળ હતો.

એણે દેવકીને આવશ્યક સૂચના આપીને વસુદેવ પાસે મોકલી.

દેવકીએ વસુદેવને કંસે કરેલો લગ્નપ્રસ્તાવ સ્વીકારી લેવાની વિનતિ કરી એટલે વસુદેવે કહ્યું :

'એવા પિતાદ્રોહી, કુવિચારી, કુકર્મી કંસના કુળ સાથે લગ્ન-સંબંધ કરવાની ઇચ્છા મને નથી. કંસે પ્રજાનો ભયંકર અપરાધ કર્યો છે.'

'એથી એના સમસ્ત કુળને દોષ દેવો કે દંડ કરવો ઉચિત નથી. કંસે અપરાધ કર્યો છે એ હકીકતને તો હું પણ માનું છું. પરંતુ આપણા લગ્નથી સંભવ છે કે એ અપરાધ દૂર થઇ જાય ને કંસના વિચાર તથા ભાવ એના વર્તન સાથે સુધરી જાય. આપણા લગ્ન પછી આપણે એને સુધારવાનો ને પ્રજાવત્સલ બનાવવાનો સંયુક્ત સક્રિય પુરુષાર્થ કરી શકીશું. હું તમને વચન આપું છું કે એને માટે મારાથી બનતું બધું જ કરી છૂટીશ.'

'પરંતુ તારી વાતને એ નથી માને તેવો. સાક્ષાત્ બ્રહ્મા આવીને સમજાવે તોપણ એ નથી સમજે તેવો.'

દેવકીએ સહેજ પણ નિરાશ થયા સિવાય જણાવ્યું :

'છતાં પણ મારી વાતમાં વિશ્વાસ રાખો, ને લગ્નનો પ્રસ્તાવ



સ્વીકારી લો. કંસને માટે નહિ પરંતુ મારે માટે. મને તમારે માટે સાચો ને પૂરો પ્રેમ છે. તમારી સાથે લગ્નગ્રંથિથી જોડાવા માટે હું આતુર છું. તમારી સાથે લગ્ન થવાથી મારું જીવન સફળ ઠરશે ને સુખી બનશે.'

'પરંતુ હું તો એક સાધારણ માનવ છું, દેવકી! એક સાધન-રહિત, સંપત્તિહીન, દીન માનવ.'

'ભલે. તમારી પાસે બહારની સ્થૂલ સંપત્તિ ભલે ના હોય; સદ્‌ગુણો અને સત્કર્મોની સૂક્ષ્મ સંપત્તિ તો છે જ. ને તમારા જેવી ને જેટલી બીજા કોઇનામાં નથી. તમને વરીને હું સૌભાગ્ય-શાલિની બની જઇશ. પ્રજાનું પણ એથી હિત સધાશે. કૃપા કરીને મારે ખાતર પણ ના ન પાડશો. તમે જો ના પાડશો તો મારું જીવન દુઃખી બની જશે ને દગ્ધ થશે. હું તમારા જેવા સુયોગ્ય પતિની જ પ્રતીક્ષામાં છું.'

'પરંતુ મારી સાથે લગ્ન કરીને સુખી બનવાને બદલે દુઃખી થઇ જઇશ તો?'

'તો એમાં તમે શું કરશો કે કોઇ બીજું પણ શું કરી શકશે? જેવું ભાગ્ય. સુખ અને દુઃખ કોઇની ઇચ્છા પ્રમાણે થોડાં આવે છે? એ તો દરેકના પોતાના કર્મ પ્રમાણે પ્રાપ્ત થયા કરે છે. છતાં પણ એટલું તો ચોક્કસ છે કે તમારા સહવાસમાં મને સ્વર્ગસુખનો અનુભવ થયા કરશે. કોઇ કારણે દુઃખ આવશે તોપણ તમારી સાથે શ્વાસ લેવાનું સૌભાગ્ય સાંપડવાથી મને સુખ જ લાધશે.'

વસુદેવ વિચારમાં પડ્યા પણ પછી બોલ્યા :

'ધાર કે હું તારી સાથે લગ્ન કરવાની ના પાડું તો?'

'તો શું? મારાથી બીજું શું થઇ શકે? હું તો તમને પ્રેમ

ભરેલા સાચા દિલથી પ્રાર્થના કરી રહી છું. તેને સ્વીકારવા કે ના સ્વીકારવામાં તમે સંપૂર્ણપણે સ્વતંત્ર છો. હું તમને તેને સ્વીકારવાનો આગ્રહ કરી શકું એટલું જ. હા, એટલું અવશ્ય કહી દઉં કે તમે મારી સાથે લગ્ન કરવાની ના પાડશો તો મારું જીવન નીરસ અને દુ:ખી બની જશે. મારી મહત્ત્વાકાંક્ષા પર મોટો ફટકો પડવાથી મને એનો અસહ્ય ધક્કો લાગશે. એ પ્રતિકૂળ પ્રતિક્રિયા-માંથી હું જીવનભર બેઠી નહિ થઇ શકું. મારું જીવન અસંતુષ્ટ, અવ્યવસ્થિત, આનંદરહિત અથવા વેરવિખેર બની જશે.'

બધી બાજુનો વિચાર કરીને વસુદેવે દેવકી સાથે લગ્ન કરવાની સંમતિ આપી.

દેવકી કોઇ સાધારણ કન્યા તો નહોતી જ.

રૂપ તથા ગુણ બંને દૃષ્ટિએ એને ટપી જવાની વાત તો બાજુએ રહી, પરંતુ એની બરાબરી કરી શકે એવું કન્યારત્ન કોઇ ભાગ્યે જ દેખાતું.

અનેક આશાભર્યા નવયુવકો એને પોતાની સહધર્મિણી બનાવવાનાં સ્વપ્નાં સેવતા.

પરંતુ દેવકન્યા જેવી દૈવી યોગ્યતાવાળી દેવકીના દિલને જીતવાનું કામ કાંઇ સહેલું ન હતું.

દેવકી અનેકના અનુરાગથી આપ્લાવિત અંતરનું આકર્ષણ કરતી, પરંતુ એનું અસાધારણ સંસ્કારસુમનથી સુવાસિત અંતર કોઇની પણ પ્રત્યે આકર્ષણનો અનુભવ ના કરતું.

એક માત્ર વસુદેવ એમાં અપવાદરૂપ હતા.

એમનાથી મોહિત થઇને, એમનો અનુગ્રહ મેળવવાની અભિ-લાષાથી પ્રેરાઇને, એ છેલ્લા કેટલાય વખતથી જીવ્યા કરતી.



એની અભિલાષા પૂરી થવાનો અવસર આવી પહોંચ્યો એથી અધિક અસાધારણ આનંદ બીજો કયો હોઇ શકે?

વસુદેવના સંમતિસૂચક શબ્દો સાંભળીને એનું હેતને હિંડોળે હીંચતું હૈયું થનગની કે નાચી ઊઠયું.

એના રોમરોમમાં રસ અથવા રંગનો રાસ રમાઇ રહ્યો.

વદન પર સંતૃપ્તિની છાયા છવાઇ ગઇ ને સમસ્ત શરીરમાં વીજળી ફરી વળી.

પૂર્વનાં પુણ્યો ફળતાં લાગ્યાં ને વ્રતતપ જાણે પરિસમાપ્તિની પાવન પળ પાસે આવી પહોંચ્યાં.

જીવનની ધન્યતાની ધન્ય ઘડીનો જાણે કે પ્રારંભ થયો.

કંસની અનુમતિ તો પ્રથમથી હતી જ. દેવકીની પ્રવૃત્તિ એની પ્રેરણાના પરિણામરૂપ જ હતી.

વસુદેવની સંમતિથી એની પ્રસન્નતાનો પાર ના રહ્યો.

ઉત્સાહિત અંતરે, બનતી વહેલી તકે, એણે દેવકી અને વસુદેવના લગ્નની તૈયારી કરી.

દેવકી એના કાકાની પુત્રી હોવા છતાં એને સહોદરા સરખી જ પ્રિય હતી.

દેવકીના પિતા દેવકને પણ એ લગ્નપ્રસાવ ખૂબ જ પસંદ પડયો.

અને એ રીતે આખરે એક ધન્ય દિવસે, ધન્ય ઘડીએ ને પાવન પળે, દેવકી અને વસુદેવનું લગ્ન થઇ ગયું. એમના શરીરનું જ નહિ પરંતુ મન, અંતર અથવા આત્માનું લગ્ન.

(ક્રમશ:)

## વાણીના ચાર પ્રકારના પાપ

૧. કઠોર વાણી (બીજાને ઉદ્વેગ થાય તેવી), ૨. મિથ્યા વચન. ૩. સર્વ પ્રકારની ચાડી. ૪. પ્રયોજન વિનાનો અસંબંધ પ્રલાપ.

## ઉત્તમ વાણી

૧. જે સાંભળતા જ અમૃત તુલ્ય હોય. ૨. સર્વકાળમાં સુખ દેનાર હોય. ૩. સત્યના સારરૂપ હોય. ૪. હિતકારી હોય.

## કોને કયા સાધનથી જીતી લેવો તે.

૧. લોભીને કંઇક આપીને. ૨. મિથ્યાભાષીને સત્યભાષણથી. ૩. ક્રૂર કર્મ કરનાર ક્રોધીને ક્ષમાથી. ૪. દુર્જનને સજ્જનતાથી.

(ધર્મસારનાં વાક્યો)

* સ્થાપત્ય કન્સ્ટ્રક્શન *

પ્રો. મનીષ હરિભાઇ ભોજાણી

બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે

મોરબી–૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૧૩૮૧, (રહેઠાણ) ૩૦૨૨૨, ૨૬૯૦૩

## * આત્મા મૂળભૂત રીતે મુક્ત છે. *

સ્વાનુભવસંપન્ન સત્પુરુષો જણાવે છે કે પ્રત્યેક આત્મા મૂળભૂત રીતે, વસ્તુતઃ દિવ્ય, શુદ્ધ, બુદ્ધ મુક્ત છે. પોતાના જ હાથમાં પારસ હોવા છતાં તેને તેનું જ્ઞાન નથી; એને લીધે એના લાભથી એ સ્વાભાવિક રીતે જ વંચિત છે. એ કંગાલિયતમાંથી છૂટવા માટે શું કરવું જોઇએ? એ અખૂટ ધનભંડારની માહિતી મેળવવી જોઇએ. એની વિસ્મૃતિ થઇ હોય તો સ્મૃતિ કરવી જોઇએ. પોતે શુદ્ધ, બુદ્ધ, મુક્ત, સચ્ચિદાનંદરૂપ છે. એટલે વિપરીત ભાવનાને તિલાંજલિ આપીને વાસ્તવિક ભાવનાને સેવવાની છે. હું બદ્ધ છું એવી માન્યતામાંથી મુક્તિ મેળવવાની છે. હું અપૂર્ણ છું, અશુદ્ધ છું, અજ્ઞ છું, એવા ભાવ કે વિચારમાંથી મુક્ત થવાનું છે. એ જ મુક્તિ છે. જુદી–જુદી સાધનાત્મક પ્રક્રિયાઓનો આધાર એટલા માટે જ લેવામાં આવે છે. જપ, ધ્યાન, પ્રાર્થના, આત્મવિચાર, આત્મનિરીક્ષણ સ્વાધ્યાય, તીર્થસેવન, સત્સંગ જેવા અનેકવિધ અભ્યાસક્રમદ્વારા અંતઃકરણની અશુદ્ધિઓનો અંત આવતાં, અવિદ્યાજન્ય આવરણ દૂર થતાં, અનુભવાય છે કે હું મુક્ત જ છું, મુક્ત જ હતો, મુક્ત જ રહીશ. મુક્તિ મારો જન્મજાત સ્વભાવસહજ અધિકાર છે. એ અધિકારથી મને કોઇયે કારણે વંચિત નથી કરી શકે તેમ.

યોગેશ્વરજી

ADHYATMA * Regd. No. GBV 113 * R.N.I.No.71957/99

## * તેનો ભાર પ્રભુ ઉપાડશે. *

પૂર્ણતાનો પ્રત્યેક પ્રવાસી કે સત્યનો શોધક શીખી લે કે આધ્યાત્મિક વિકાસનો માર્ગ કદી ના ખૂટનારી અચળ શ્રદ્ધાવાળા માણસ માટે જ છે. નિરાશા ને વિષાદની જેને ખબર નથી, જેની ભાવના ને મહેચ્છા પ્રત્યેક ઉષાએ પાંગરતી જ જાય છે, ને મૂકપણે સહન કરીને પોતાના આદર્શ માટે છેવટસુધી ભોગ આપવા જે તૈયાર થાય છે તેને માટે જ સાધના છે. તે બહાદૂર કે વીરપુરુષ જ પૂર્ણતાના પ્રવાસમાં પરિપૂર્ણ રીતે સફળ થઇ શકશે. જે કાયર છે, નિષ્ફળતાથી ડરી કે નાહિંમત થઇને જે લીધેલા નાના કે મોટા કાર્યને પડતું મૂકે છે, તે પોતાનો કે કોઇનો ઉદ્ધાર કરી શકશે નહિ. એટલું જ નહિ, પણ આ માર્ગમાં નક્કર વિકાસ પણ કરી શકશે નહિ. સાધકે પહેલાં મજબૂત મનોબળ તૈયાર કરવું જોઇએ. પછી તેણે શોધી કાઢવું જોઇએ કે જે ધ્યેય માટે તે મહેનત કરે છે તે ધ્યેય ઈશ્વરપ્રેરિત કે ઈશ્વરમાન્ય છે? જો એનો ઉત્તર હા માં મળે તો તેણે ગભરાવાનું કે નિરાશ થવાનું કારણ નથી. તેનો બધો ભાર પ્રભુ ઉપાડી લેશે ને તેને છેવટસુધી દોરશે. કેમ કે તે પણ જગદંબા છે, ને તેની ઇચ્છા સદાય વિજયી થવા સર્જાયેલી છે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.